“ રવિવારની સાપ્તાહિક પૂર્તિ ”
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 188 | AD - 2025, Chaitra Vad-01 | Sunday, Dt.13-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### રાષ્ટ્રપતિને પણ નિર્ણય માટે સુપ્રીમ કોર્ટે ડેડલાઈન નક્કી કરી

## રાજ્યપાલે મોકલેલા બિલ પર ૩ મહિનામાં રાષ્ટ્રપતિએ નિર્ણય લેવો પડશે : સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટે દેશના રાષ્ટ્રપતિ માટે પણ ડેડલાઈન નક્કી કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવેલા બિલ પર ૩ મહિનાની અંદર રાષ્ટ્રપતિએ નિર્ણય લેવો પડશે. ખરેખરમાં, ૮ એપ્રિલના રોજ, સુપ્રીમ કોર્ટે તમિલનાડુ સરકાર અને રાજ્યપાલના કેસમાં ઐતિહાસિક નિર્ણય લીધો હતો. કોર્ટે કહ્યું હતું કે રાજ્યપાલે એક મહિનાની અંદર વિધાનસભા દ્વારા મોકલવામાં આવેલા બિલ પર નિર્ણય લેવો પડશે. આ નિર્ણય દરમિયાન, કોર્ટે રાજ્યપાલો દ્વારા રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલા બિલ પરની સ્થિતિ પણ સ્પષ્ટ કરી છે. આ આદેશ ૧૧ એપ્રિલના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. શુક્રવારે રાત્રે વેબસાઈટ પર અપલોડ કરાયેલા આદેશમાં સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૨૦૧નો ઉલ્લેખ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કલમ ૨૦૧ કહે છે કે જ્યારે વિધાનસભા બિલ પસાર કરે છે તે રાજ્યપાલને મોકલવું જોઈએ અને રાજ્યપાલે તેને રાષ્ટ્રપતિ પાસે વિચારણા માટે મોકલવું જોઈએ. આ સ્થિતિમાં રાષ્ટ્રપતિએ કાં તો બિલને મંજૂરી આપવી પડશે અથવા એવું કહેવું પડશે કે તેઓ મંજૂરી આપી રહ્યા નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાષ્ટ્રપતિના નિર્ણયની કલમ ૨૦૧ હેઠળ ન્યાયિક સમીક્ષા કરી શકાય છે. જો બિલ કેન્દ્ર સરકારના નિર્ણયને પ્રાથમિકતા આપે છે, તો કોર્ટ મનસ્વીતા અથવા દ્વેષના આધારે બિલની સમીક્ષા કરશે. કોર્ટે કહ્યું કે જો બિલમાં રાજ્યની કેબિનેટને પ્રાથમિકતા આપી હોય અને રાજ્યપાલે મંત્રી પરિષદની



સહાય અને સલાહની વિરુદ્ધ બિલ પર નિર્ણય લીધો હોય, તો બિલની કાયદેસર રીતે તપાસ કરવાનો કોર્ટને અધિકાર રહેશે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે જ્યારે સમયમર્યાદા નક્કી કરવામાં આવે છે, ત્યારે નિર્ણય યોગ્ય સમયમર્યાદામાં લેવો જોઈએ. બિલ મળ્યાના ૩ મહિનાની અંદર રાષ્ટ્રપતિએ નિર્ણય લેવો ફરજિયાત રહેશે. જો વિલંબ થાય, તો વિલંબના કારણો જણાવવા પડશે. કોર્ટે કહ્યું કે રાષ્ટ્રપતિ બિલને રાજ્ય વિધાનસભામાં સુધારા અથવા પુનર્વિચાર માટે પાછું મોકલે છે. જો વિધાનસભા તેને ફરીથી પસાર કરે છે, તો રાષ્ટ્રપતિએ તે બિલ પર અંતિમ નિર્ણય લેવો પડશે અને વારંવાર બિલ પરત કરવાની પ્રક્રિયા બંધ કરવી પડશે. ૮ એપ્રિલના રોજ, સુપ્રીમ કોર્ટે તમિલનાડુના રાજ્યપાલ અને રાજ્ય સરકારના મામલામાં રાજ્યપાલની સત્તાઓની 'મર્યાદા' નક્કી કરી હતી. જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચે કહ્યું હતું કે, 'રાજ્યપાલ પાસે કોઈ વીટો પાવર નથી.' સુપ્રીમ કોર્ટે રાજ્યપાલ દ્વારા સરકારના ૧૦ મહત્વપૂર્ણ બિલોને રોકવાના નિર્ણયને પણ ગેરકાયદેસર જાહેર કર્યો હતો. કોર્ટે કહ્યું કે આ એક મનસ્વી પગલું છે અને કાનૂની દૃષ્ટિકોણથી યોગ્ય નથી. રાજ્યપાલે રાજ્ય વિધાનસભાને મદદ અને સલાહ આપવી જોઈએ. કોર્ટે કહ્યું હતું કે રાજ્યપાલે એક મહિનાની અંદર વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલ પર કાર્યવાહી કરવી જોઈએ. તમિલનાડુ સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. એવું કહેવામાં આવ્યું હતું કે રાજ્યપાલ આર.એન. રવિએ રાજ્યના મહત્વપૂર્ણ બિલોને મુલતવી રાખ્યા છે. જણાવીએ કે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)માં કામ કરી ચૂકેલા ભૂતપૂર્વ IPS અધિકારી આર.એન. રવિએ ૨૦૨૧માં તમિલનાડુના રાજ્યપાલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.

### જ્યારે સમયમર્યાદા નક્કી કરવામાં આવે છે, ત્યારે નિર્ણય યોગ્ય સમયમર્યાદામાં લેવો જોઈએ

## અખનૂરમાં ભારતીય સેનાએ ત્રણ આતંકવાદીઓના ઢીમ ઢાળી દીધા

અખનૂર,તા.૧૨

શનિવારે જમ્મુ જિલ્લાના અખનૂરમાં આતંકવાદીઓ સાથેના એન્કાઉન્ટરમાં ૯ પંજાબ રેજિમેન્ટના JCO કુલદીપચંદ શહીદ થયા હતા. શુક્રવારે મોડી રાત્રે અખનૂરના કેરી બટ્ટલ વિસ્તારમાં એન્કાઉન્ટર શરૂ થયું હતું. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે. સેનાએ X પર પોસ્ટ કરીને આ માહિતી આપી છે. આ દરમિયાન, શુક્રવારે કિશ્તવાડ જિલ્લાના ગાઢ જંગલોમાં એક એન્કાઉન્ટર દરમિયાન, સુરક્ષા દળોએ શુક્રવારે મોડી રાત સુધી ૩ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

## છત્તીસગઢમાં પોલીસ સાથેની અથડામણમાં બે નકસલીને ઠાર મરાયા, હથિયારો મળ્યા

છત્તીસગઢ,તા.૧૨

છત્તીસગઢના દંતેવાડા-બીજાપુર બોર્ડરના ભૈરમગઢ વિસ્તારમાં પોલીસ અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. સવારે ૯ વાગ્યાથી બંને બાજુથી ગોળીબાર ચાલુ છે. જેમાં જવાનોએ ૨ નક્સલીઓને ઠાર કર્યા છે. બંનેના મૃતદેહ અને હથિયારો મળી આવ્યા



છે. દંતેવાડા જિલ્લાના એસપી ગૌરવ રાયે એન્કાઉન્ટરની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે બીજાપુરના ઈન્દ્રાવતી વિસ્તારના જંગલોમાં નક્સલવાદીઓની હાજરી અંગે માહિતી મળી હતી, ત્યારબાદ લગભગ ૪૦૦ જવાનોને ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા. એસપી ગૌરવ રાયના જણાવ્યા અનુસાર, આ બંને જિલ્લાઓનું સંયુક્ત ઓપરેશન છે. સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ એન્કાઉન્ટરમાં નક્સલવાદીઓને ભારે નુકસાન થવાની શક્યતા છે. એન્કાઉન્ટર પૂર્ણ થયા પછી પરિસ્થિતિ સ્પષ્ટ થશે. આ પછી જ આપણે જાણી શકીશું કે નક્સલવાદીઓએ કેટલું નુકસાન પહોંચાડ્યું છે. માર્યા ગયેલા બે નક્સલીઓમાંથી એક ૬ જાન્યુઆરીએ બીજાપુર જિલ્લામાં થયેલા અંબેલી વિસ્ફોટમાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે. નક્સલીઓએ IED બ્લાસ્ટ કરીને જવાનોના વાહનને ઉડાવી દીધું હતું. આ વિસ્ફોટમાં ૮ જવાનો અને એક ડ્રાઈવર શહીદ થયા હતા.

## દિલ્હીમાં આંધી અને તોફાનને કારણે એરપોર્ટ પર અંધાધૂંધી ફેલાઈ

દિલ્હી,તા.૧૨

દેશની રાજધાની દિલ્હી-એનસીઆરમાં ભયંકર આંધી અને તોફાનના કારણે દિલ્હી એરપોર્ટ પર અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. આંધી-તોફાનના કારણે IGI એરપોર્ટ પર હવાઈ સેવાઓ લગભગ ઠપ્પ થઈ ગઈ હતી. શુક્રવારે સાંજે આવેલા આંધી- તોફાનને કારણે શનિવારે પણ ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ફ્લાઈટની સેવાઓ ખોરવાઈ ગઈ હતી. ફ્લાઈટ્સ મોડી પડવાના કારણે સેંકડો મુસાફરો અટવાઈ પડ્યા હતા. આંધી-તોફાનના કારણે શનિવારે સવારે પરિસ્થિતિ વધુ વણસી ગઈ. એરપોર્ટ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

ENROLL NOW
ADMISSION OPEN
શું આપ આપના બાળકનો સર્વાંગી વિકાસ ઈચ્છો છો ?
જો હા તો ચિંતા ના કરો - અમારો ૬૬ વર્ષનો અનુભવ આપને મદદરૂપ થશે. આવો અમારી આ સંસ્થાની મુલાકાતે જાતે જ નિહાળો...
અમે આપીએ છીએ શ્રઅત્યાધુનિક ટેકનોલોજીયુકત શિક્ષણ સાથે સાંસ્કૃતિક - સાહિત્યિક રમત ગમત અને સંસ્કાર ધાર્મિકતા સભર સર્વાંગી શિક્ષણ
એડમિશન હેલ્પલાઈન
909 909 8220
શ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત ૧૦૦ એકરના વિશાળ કેમ્પસમાં અત્યાધુનિક infrastructure અને લેટેસ્ટ ટેકનોલોજી સાથે...
:: સ્કૂલ કાર્યક્ષેત્ર ::
બાલમંદિરથી ધોરણ - ૧૨
(આર્ટસ, કોમર્સ, સાયન્સ)
ગુજરાતી માધ્યમ - અંગ્રેજી માધ્યમ
મિશ્ર માધ્યમ (ગર્લ્સ અને બોયઝ)
સૌરાષ્ટ્રની એકમાત્ર શાળા - હોસ્ટેલ કે જેમાં જયાં જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલ અને જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ કાર્યરત છે.
:: હોસ્ટેલ સુવિધા ::
ધો. ૪ થી ૧૨
ગર્લ્સ અને બોયઝ
સૌરાષ્ટ્ર ની નં.૧ બોર્ડ પરીક્ષામાં પરિણામ આપતી એકમાત્ર શાળા
SSC G.Medium PR 99.93 ટાંક મલય
SSC G.Medium PR 99.93 રાઠોડ પ્રિયાંશુ
SSC G.Medium PR 99.91 ધાનાણી મિત
SSC G.Medium PR 99.85 વઘાસિયા હિરેન
SSC E.Medium PR 99.03 નાકરાણી ઝરણા
HSC Commerce PR 99.90 વ્યાસ નિષ્ઠા
HSC Commerce PR 99.64 રંગાણી રવી
HSC Commerce PR 99.57 ટાંક મિતુલ
HSC Science PR 99.96 વઘાસીયા હિરેન
HSC Science PR 99.77 જાગાણી ધર્મેશ
HSC Science PR 99.50 સાવલિયા સર્વેશ
HSC Science PR 99.26 કચ્છી પ્રિન્સ
Since : 1959
અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના માર્ગદર્શનથી કાર્યરત
શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
સ્કૂલ - કોલેજ - હોસ્ટેલ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી - ૩૬૫૬૦૧ (ગુજરાત)
CELEBRATING 65 YEARS ANNIVERSARY

ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણની વિશાળ રેન્જ
Panasonic | SAMSUNG | LG | DAIKIN | VOLTAS
Cruise | DHARA | Haier | BLUE STAR | LLOYD
IFB | TCL | HITACHI Inspire the Next | Whirlpool
તમામ કંપનીના A/C, વોશીંગ મશીન, ફ્રિજ, ટી.વી. ઘરઘંટી, હાજરમાં ઉપલબ્ધ
શિવ ઈલેક્ટ્રોનિક્સ
દુ. નં. ૩-૪, ટાઉનહોલ શોપીંગ, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની સામે, અમરેલી. મો. ૯૮૯૮૩ ૨૩૩૫૨

શ્રી હનુમાનજી પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ખાસ ડિસ્કાઉન્ટ ઓફર
શ્રીરામ ભક્ત હનુમાનજીના પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે આપના શહેર, વિસ્તાર કે નજીકના મંદિરોમાં આયોજીત ભોજન પ્રસાદ પ્રસંગ માટે શીતલ આઈસ્ક્રીમ અમરેલી દ્વારા નીચે દર્શાવેલ પ્રોડક્ટસ પર ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરી છે, તો આ ઓફર નો લાભ અવશ્ય લેશો.
• 6 Ltr. છાશ • દહીં
• શિખંડ • કેરીનો રસ
• બાસુંદી • ફ્રુટ સલાડ
નોંધ : આ ઓફર માત્ર હનુમાનજીના જન્મોત્સવ પ્રસંગ માટે મર્યાદિત છે
Sheetal ICE CREAM
શીતલ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. મો. 95109 59954

# સુરતથી વડીયા હવે ડેઈલી ટ્રેનનો લાભ મળશે, મહુવા-સુરત ટ્રેનનું ધોળા જંકશન પર ક્રોસિંગ

વડીયા, તા.૧૨

અમરેલી જિલ્લાના ખેતી આધારિત લોકોની રોજગારી માટે સુરત સ્થળાંતરની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, રેલવે વિભાગે સુરત-મહુવા ટ્રેનને ધોળા જંકશન પર ભાવનગર-વેરાવળ ટ્રેન સાથે ક્રોસિંગ આપ્યું છે. આનાથી વડીયા સહિત લાઠી, ચિતલ અને કુંકાવાવના લોકોને સુરતથી તેમના વતન આવવા માટે ટ્રેન સુવિધા ઉપલબ્ધ થઈ છે. જો કે, ચૂંટણી સમયે નેતાઓએ વડીયાને વંદે ભારત અને સુરત-અમદાવાદની ડેઈલી ટ્રેનો આપવાના વાયદા કર્યા હતા, જે હજુ સુધી પૂરા થયા નથી. સ્થાનિક લોકો હવે આંશિક સુવિધાને બદલે સુરત અને અમદાવાદ માટે કાયમી સીધી ટ્રેન સેવાની માંગ કરી રહ્યા છે. જેતલસર-ઢસા રેલવે ટ્રેક બ્રોડગેજમાં રૂપાંતરિત થયા બાદ લાંબા અંતરની ટ્રેનો શરૂ થવાની શક્યતા છે, ત્યારે આ વિસ્તારોને સીધી કનેક્ટિવિટી મળે તે જરૂરી છે.




# ખાંભાના બોરાળાથી હનુમાનપુર-તાલડા રોડ ખખડધજ, વાહનચાલકો પરેશાન

અમરેલી,તા.૧૨

ખાંભાના બોરાળાથી હનુમાનપુર તાલડા રોડ બિસ્માર બન્યો છે. ઠેર ઠેર ખાડા પડી ગયા છે. મગરમચ્છની પીઠ સમાન માર્ગ થઈ જતા વાહનચાલકો પારાવાર પરેશાની ભોગવી રહ્યા છે. લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. બોરાળાથી હનુમાનપુર તાલડા જતો માર્ગ કમરતોડ બની ગયો છે. લોકોએ રસ્તો નવો બનાવવાની માંગણી કરી હતી. ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના માર્ગો બિસ્માર બન્યા છે. આ રોડ પર મસમોટા ખાડા પડી ગયા છે અને ખખડધજ બની ગયા છે. વાહનચાલકો હાલાકી વેઠી રહ્યા છે. તંત્રની લાપરવાહીના કારણે લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ત્યારે અહીં નવો રોડ બનાવવામાં આવે તેવી લોકોમાં માંગણી ઉઠી હતી. ગીર પંથકમાં પ્રવાસીઓ આવતા હોય છે ત્યારે અહીંના ગ્રામ્ય વિસ્તારમાં રસ્તાની સ્થિતિ કથળેલી હાલતમાં જોવા મળે છે.



# અમરેલી જિલ્લામાં લાકડી રાખી જાહેરનામાના ભંગની ફરિયાદ

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં હથિયાર સંબંધિત અધિક કલેકટરનું જાહેરનામુ બહાર પડ્યુ છે. જેથી જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. ચમારડી ગામે રહેતા દલકુ બાબુ ચારોલીયા પાસેથી લાકડી, બાબરામાં અજય ભીખુ વણોદિયા પાસેથી લાકડી, રાજુલાના કોટડી ગામે રહેતા કનુ ભુપતભાઈ બારૈયા પાસેથી લોખંડનો પાઈપ, અમરેલીમાં મહેબુબ અલારખ મજેઠીયા પાસેથી લાકડાનો ધોકો, રણજીત ભુપતભાઈ રાઠોડ પાસેથી એક છરી, રાજુલામાંથી કમલેશ નરેશભાઈ વાણવી પાસેથી વાંસની લાકડી પોલીસે કબજે કરી હતી. જાહેરનામાનો ભંગ કરી પોતાની પાસે લાકડી, પાઈપ રાખવા બદલ પોલીસે આ ઈસમો સામે જાહેરનામાના ભંગની ફરિયાદ નોંધી હતી. પોલીસે જાહેરનામાનો ભંગ કરવા બદલ કડક કાર્યવાહી કરતા આવા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

# પદયાત્રીઓને સાંસદ સુતરીયા અને ધારાસભ્ય વેકરીયા દ્વારા પ્રસાદનું વિતરણ

**ભુરખીયા જતા પદયાત્રીઓને ગુંદી ગાંઠિયાનું પ્રસાદ વિતરણ કરાયું**

અમરેલી,તા.૧૨

અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ ધરમનગરમાં દુશ્મેશ્વર યુવક મંડળ દ્વારા ભુરખીયા ચાલીને પદયાત્રીઓને ગુંદી ગાંઠિયાનું પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ વિશ્વ હિન્દુ પરિષદની ટીમ સહિતના લોકો હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે દુશ્મેશ્વર યુવક મંડળે જહેમત ઉઠાવી હતી.



# હનુમાનગાળા જતા પદયાત્રીઓ માટે ખાંભા પોલીસ દ્વારા છાશનું વિતરણ



અમરેલી,તા.૧૨

હનુમાન જયંતીના દિવસે ભાવિકો હનુમાન મંદિરે દર્શન માટે મોટી સંખ્યામાં પદયાત્રા કરતા હોય છે. જેમાં ખાંભા તાલુકામાં આવેલા હનુમાનગાળા મંદિરે પણ પદયાત્રીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ગરમીનો માહોલ હોય પદયાત્રીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે ખાંભા પોલીસ દ્વારા ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ધારીમાં ડો. આંબેડકર જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત કાયદો અને વ્યવસ્થા સંદર્ભે બેઠક મળી

ધારી, તા.૧૨

ધારીમાં ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતીની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી થવાની હોય તે સંદર્ભે ધારી પી.એસ.આઈ. દેસાઈની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી એ.કે. શેખ ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા ન્યાય સમિતિના ચેરમેન ચતુરભાઈ સરવૈયા, શાંતિલાલ પરમાર, હિંમતભાઈ ખેતરીયા, વિશાલભાઈ મકવાણા, સાગરભાઈ દાફડા, ચીમનભાઈ પરમાર, આશિષભાઈ ખાણીયા તેમજ પત્રકાર સંજય વાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : સંજય વાળા

# બગસરામાં હનુમાન જન્મોત્સવ પર શોભાયાત્રા કાઢવામાં આવી

બગસરા, તા.૧૨

બગસરામાં હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં આવેલા તમામ હનુમાન મંદિરે મહાઆરતી, પ્રસાદ અને સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે સૌરાષ્ટ્ર નાગરિક શરાફી મંડળી દ્વારા હનુમાનજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરીયા, દિપકભાઈ આંબલીયા, પાલિકા સદસ્યો સહિત ભાવિકો જોડાયા હતા.



# બાબરાના ઉંટવડ ગામે પ્રેમસંબંધનો ખાર રાખી આધેડ પર પાઈપ વડે હુમલો

**યુવકના પિતાએ યુવતીના પિતા સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી,તા.૧૨

બાબરા તાલુકાના ઉંટવડ ગામે પ્રેમલગ્નનો ખાર રાખી યુવતીના પિતાએ વાડીએ કામ કરી રહેલા યુવકના પિતા પર ડંકીના હાથા વડે હુમલો કરી ઈજા પહોંચાડતા આધેડે બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બાબરા તાલુકાના ઉંટવડ ગામે રહેતા પ્રવિણભાઈ ધીરૂભાઈ કાછડીયાના પુત્રએ ભીખાભાઈ વલ્લભભાઈ સાવલીયાની દીકરી સાથે પ્રેમસંબંધ હોય અને બંનેએ ભાગીને લગ્ન કરી લેતા ભીખાભાઈ આ પ્રેમલગ્નથી નારાજ હતા. આ પ્રેમલગ્નનો ખાર રાખી ભીખાભાઈએ ખેતરમાં કામ કરી રહેલા પ્રવિણભાઈ પર હુમલો કરી ડંકીના હાથા વડે માર માર્યો હતો. જેમાં પ્રવિણભાઈને જમણા પગના નળામાં અને ડાબા પગના નળામાં ઈજાઓ પહોંચી હતી. જેથી પ્રવિણભાઈએ ભીખાભાઈ સામે બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના રઘુવંશીપરામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનો ભવ્ય પ્રારંભ

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા શહેરના રઘુવંશીપરા ખોડિયાર નગર વિસ્તારમાં સમસ્ત રઘુવંશી સમાજના ધર્મપ્રેમી લોકો દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો ભવ્ય અને દિવ્ય શુભારંભ થયો છે. ભક્તિપૂર્ણ વાતાવરણમાં શ્રી રામજી મંદિરથી પોથીયાત્રા નીકળી, જે કથા સ્થળે પહોંચી હતી. કથાના મુખ્ય યજમાન વિઠ્ઠલભાઈ નાગજીભાઈ ચોંડીગળા અને તેમના પરિવારે ભાગવત ભગવાનની પોથીનું પૂજન કર્યું હતું. ત્યારબાદ વ્યાસપીઠ પર બિરાજેલા પ્રસિદ્ધ વક્તા જ્ઞાનેશ્વરીદાસજી (બહેનશ્રી) એ પોતાના મધુર કંઠે શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ કર્યો હતો. આ સાત દિવસ ચાલનારા આધ્યાત્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા અને જ્ઞાન, ભક્તિ તથા આનંદની અનુભૂતિ કરી હતી.



# અમરેલીમાં એસ.ટી. ડેપો ખાતે હનુમાન જયંતીની ઉજવણી કરાઈ

અમરેલી, તા.૧૨

હનુમાન જયંતી નિમિત્તે અમરેલી જિલ્લામાં ઠેર-ઠેર જગ્યાએ ઉજવણી કરવામાં આવી હતી. દાતાઓ દ્વારા સ્ટોલ લગાડીને પ્રસાદી આપવામાં આવી હતી ત્યારે અમરેલી એસ.ટી. ડેપો ખાતે હનુમાન જયંતી નિમિત્તે ડેપોમાં આવતા પ્રવાસીઓને ગુંદી-ગાંઠીયાની પ્રસાદી આપવામાં આવી હતી. લોકો પ્રસાદી લઈને ભાવવિભોર થયા હતા. એસ.ટી. ડેપોમાં કુલ ૧૨૦૦થી ૧૩૦૦ લોકોએ પ્રસાદી લીધી હતી. આ આયોજનને સફળ બનાવવા જીતેન્દ્રભાઈ ટાંક, કમલેશભાઈ મહેતા, રઘુભાઈ ધાધલ, સતીષભાઈ ટાંક, ગીરીશભાઈ ટાંક, હિમાંશુભાઈ ગોંડલીયા, પીયુષભાઈ જોષી, બાબુભાઈ બસીયા, જયંતિભાઈ વામજા, ઘનશ્યામભાઈ સાવલીયા સહિતના લોકોએ જહેમત ઉઠાવી હતી.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

ભુરખીયા હનુમાન મંદિર ખાતે વહેલી સવારથી જ ભક્તોની ભીડ ઉમટી

# અમરેલી જિલ્લામાં હનુમાન જયંતીની આસ્થાભેર ઉજવણી

**મહાઆરતી, મહાપ્રસાદ સહિતના આયોજન કરાયા**

અમરેલી,તા.૧૨

અમરેલી સહિત જિલ્લામાં હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. હનુમાન મંદિરે વહેલી સવારથી જ ભક્તોની ભીડ ઉમટી હતી. હજારો ભાવિકોએ લાંબી કતારમાં ઊભા રહીને દર્શનનો લાભ લીધો હતો. શનિવાર અને હનુમાન જયંતીનો વિશેષ સંયોગ હોવાથી ભક્તોનો ઉત્સાહ બમણો થયો હતો. શહેરના હનુમાન મંદિર સહિતના સ્થળોએ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. દરેક મંદિરમાં વિશિષ્ટ આરતી, બટુક ભોજન, દીપમાળા અને અન્નકૂટ દર્શનનું આયોજન કરાયું હતું. ભક્તો તેલ, અડદ અને આંકડાની માળા સાથે દર્શને ઉમટી પડ્યા હતા. કેળા, લાડુ અને પેંડા જેવો પ્રસાદ ધરાવી પૂજા-અર્ચના





કરી હતી. સાંજે મહાઆરતી, બટુકભોજન અને મહાપ્રસાદનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર અમરેલી જિલ્લામાં હનુમાન જયંતીની આસ્થાપૂર્વક ઉજવણી થઈ હતી. લાઠી તાલુકામાં આવેલા ભુરખીયા હનુમાન દાદાના મંદિરે હનુમાન જયંતી નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી. મંદિરમાં ભજન-કીર્તન સાથે ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. રાત્રિ દરમિયાન હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પદયાત્રા કરીને ભુરખીયા દાદાના દર્શન કર્યા હતા. પદયાત્રીઓની સુવિધા માટે સામાજિક અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓએ માર્ગ પર અનેક સ્થળોએ પાણી, છાશ, શરબત અને ચા-નાસ્તાના સ્ટોલ ઊભા કર્યા હતા. આ વ્યવસ્થાથી પદયાત્રીઓને કોઈ મુશ્કેલી ન પડે તેની કાળજી રાખવામાં આવી હતી. રાત્રિ દરમિયાન વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિતના રાજકીય નેતાઓએ પણ શ્રદ્ધાળુઓ વચ્ચે ફરીને વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. સાંસદ ભરતભાઈ સુતરીયાએ વિવિધ સ્ટોલ પર જઈ પદયાત્રીઓને પાણી વિતરણમાં સહયોગ આપ્યો હતો. આ વર્ષે પણ પરંપરા મુજબ રાત્રિના સમયે વધુ સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પદયાત્રા કરી. રાજ્ય અને દેશભરમાં હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી અંતર્ગત પ્રસિદ્ધ હનુમાન મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી.

## બાબરાના ચરખા ગામે નાણા પરત માંગતા માર માર્યો

**યુવકે ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી,તા.૧૨

બાબરા તાલુકાના ચરખા ગામે એક યુવકને પૈસા ઉછીના દેવાનું ભારે પડ્યુ છે. ઉછીના પૈસા આપ્યા બાદ પરત માંગતા પૈસા આપવાને બદલે યુવકને માર મારવામાં આવ્યો હતો. જેથી યુવકે ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. બાબરાના ચરખા ગામે રહેતા સુભાષ બાબભાઈ કાવઠીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, આરોપી રમેશ મોઢવાણીયાને ત્રણ મહિના પહેલા ઉછીના પૈસા આપ્યા હતા આ પૈસા તેમણે પરત માંગતા રમેશને સારૂ લાગ્યુ નહોતું અને સુભાષને બેફામ ગાળો આપી લાકડીનો એક ઘા માથામાં મારી દીધો હતો જ્યારે રોહિત મોઢવાણીયા અને વિષ્ણુ કાવઠીયાએ પણ સુભાષને મુંઢમાર મારતા સુભાષે ત્રણ લોકો સામે બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## બગસરાના જુની હળીયાદના જિ.પં.ના સદસ્યે આત્મવિલોપનની ચીમકી આપતા અટકાયત

**આત્મવિલોપન કરવાના નિર્ધાર પર ચંદુ વાગડીયા મક્કમ**

બગસરા,તા.૧૨

બગસરા તાલુકાના જુની હળિયાદ ગામે દબાણ હટાવવા અંગે જિલ્લા પંચાયતના સદસ્યએ આત્મવિલોપનની ચીમકી આપતા તા.૧૨ના રોજ પોલીસ દ્વારા અટક કરી જામીન આપવામાં આવ્યા હતા. બગસરા તાલુકાના જૂની હળિયાદ ગામે ૧૨૭ રસ્તાઓના દબાણ બાબતે જિલ્લા પંચાયતના સદસ્ય ચંદુભાઈ વાગડીયા(માઈકલ) દ્વારા ગ્રામ પંચાયતથી લઈ મુખ્યમંત્રી સુધી દબાણ હટાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી પરંતુ આ બાબતે કોઈપણ કચેરી દ્વારા બે વર્ષ સુધી પગલાં લેવામાં ન આવતા ચંદુભાઈ વાગડીયાએ ૨૧



તારીખના રોજ આત્મવિલોપન કરવાની ચીમકી આપી હતી જેને પગલે તા.૧૨ના રોજ જિલ્લા પંચાયતના સદસ્ય ચંદુભાઈ વાગડીયાની પોલીસ દ્વારા અટક કરી જામીન આપવામાં આવ્યા હતા પરંતુ જામીન પર છૂટ્યા બાદ તેમણે આત્મવિલોપનની જાહેરાત હજુ અકબંધ છે તેવું જણાવી તંત્રને દોડતું કરી મૂક્યું હતું. જિલ્લા પંચાયત સદસ્યએ તા.૨૧ના રોજ આત્મવિલોપનની ચીમકી આપી હતી ત્યારે ૧૦ દિવસ પહેલા શા માટે અટકાયત કરવામાં આવી તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે.

## અમરેલીની ઝૂંપડપટ્ટીમાં આગ લાગ્યા બાદ રાશનકિટ સહિતની મદદ પહોંચાડતા યુવાનો

અમરેલી,તા.૧૨

અમરેલીમાં કેરીયા રોડ પર ઝૂંપડપટ્ટીમાં વિકરાળ આગમાં બધુ ગુમાવી બેઠેલા પરિવારોને અમરેલીના યુવાનોએ મદદ પહોંચાડી હતી. અહીં શક્તિ ગ્રુપ અને યુવાનોએ વાસણ, કરિયાણાની કિટ, કપડા, ઓઢવા વગેરેની જરૂરી વસ્તુઓની મદદ પહોંચાડી હતી. અમરેલીના કેરીયા રોડ પર જેટકો ઓફિસની બાજુમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વિકરાળ આગ લાગી હતી.

આ આગમાં ઝૂંપડાઓ બળીને ખાક થઈ ગયા હતા. અમરેલી ફાયર ફાઈટરની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં સદનસીબે જાનહાનિ ટળી હતી. પરંતુ ઝૂંપડામાં રહેલો માલસામાન બળીને ખાક થઈ ગયો હતો. ત્યારે અમરેલીમાં શક્તિ ગ્રુપ અને યુવાનોએ અહીં મદદ પુરી પાડી હતી.

પરિણીતાને કરિયાવર બાબતે વારંવાર મેણાટોણા મારી માર મારવામાં આવતો હતો

## સાવરકુંડલા તાલુકાના ચીખલી ગામની પરિણીતાને સુરતમાં સાસરીયાનો ત્રાસ

**પરિણીતાએ સાસરીયા વિરૂધ્ધ સા.કુંડલા રૂરલમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં પરિણીતાઓ પર સાસરીયાઓનો જુલમ યથાવત રહ્યો છે. લગ્નના થોડા વર્ષો બાદ સાસરીયાઓ દ્વારા કરિયાવર કે કામ બાબતે પરિણીતાને મેણાટોણા કે માર મારવામાં આવતો હોવાથી સાસરીયાઓના આવા જુલમ સામે પરિણીતાઓને પોલીસ ફરિયાદ નોંધાવવાની ફરજ પડે છે. જેમાં સાવરકુંડલા તાલુકાના ચીખલી ગામે રહેતી એક પરિણીતાને સુરતમાં સાસરીયાઓએ ત્રાસ આપતા પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ઉર્વીશાબેન મીલનભાઈ કોટડીયાએ પોલીસ ફરિયાદ નોધાવી છે કે, તેના લગ્ન થયા બાદ સાસરીયાઓમાં પતિ મીલન રમેશ કોટડીયા, સસરા રમેશ કોટડીયા, સાસુ જશુબેન રમેશ કોટડીયા, દિયર વિજય રમેશ કોટડીયા અને ભુમી રમેશ કોટડીયા વારંવાર કરીયાવર બાબતે મેણાટોણા મારી શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. વારંવાર પૈસાની માંગણી કરતા પરિણીતાએ તેના પિતા પાસેથી રૂા. ૫.૫૦ લાખ આપ્યા હતા તે પણ સાસરીયાઓ ઓળવી ગયા હતા અને વધુ પૈસાની માંગણી કરતા હોવાથી ઉર્વીશાબેને સાસરીયાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં હનુમાન જયંતીની ઉજવણી

અમરેલી,તા.૧૨

અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રો દ્વારા ચૈત્ર સુદ પૂર્ણિમા હનુમાન જયંતીની ખૂબ ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન રામના પરમ ભક્ત શ્રી હનુમાનજીનું જીવન સમગ્ર ભારતવાસીઓના હૃદયમાં



સ્થાન ધરાવે છે. શ્રી રામના કાર્ય માટે સતત દોડનાર, રામના દાસ હનુમાન કર્મયોગનું પ્રતીક છે. જીવનમાં માનવને નિર્ભયતાનો સંદેશ આપે છે. ભારતીય સંસ્કૃતિનું ખૂબ જ લોકપ્રિય અને સૌના માનસપટમાં સ્થિર ચરિત્ર હનુમાનજી છે. તેમના જન્મોત્સવે વિદ્યાર્થીઓએ હનુમાન ચાલીસાનું ગાન કરી તેમનું ભાવપૂર્ણ પૂજન કર્યું હતું. શ્રીજી વિદ્યાર્થી ભુવનના સંચાલક દીપકભાઈ અને વિલાસબેન વઘાસીયાએ વિદ્યાર્થીઓ તથા સ્ટાફગણ સાથે હનુમાન જયંતીની ઉલ્લાસથી ઉજવણી કરી હતી.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 005
સંકુલ ધો. ૬ થી ૮ – ગર્લ્સ સ્કૂલ – બપોર ની શીફ્ટ
સંકુલ ધો. ૬ થી ૮ – મિશ્ર સ્કૂલ – સવાર ની શીફ્ટ
સંકુલ ધો. ૯ – ૧૦ – ગર્લ્સ સ્કૂલ – સવાર ની શીફ્ટ
સંકુલ ધો. ૯ – ૧૦ – મિશ્ર સ્કૂલ – સવાર ની શીફ્ટ
સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – ઉચ્ચ પરિણામ



લોકર (તિજોરી) વેચવાની છે
આશરે ૧૦૦ વર્ષ જુની
સાઈઝ ૨૮"x ૨૨"x ૨૨"
:: અમરેલી ::
સંપર્કઃ 81405 26349






AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com
Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas My Voltas My Voltas Voltas Limited My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


### અવસાન નોંધ

**રાજકોટ**

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ સુરેશચંદ્ર વ્રજલાલ મહેતા (ઉ.વ. ૮૧) તે સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર મહેતાના પતિ તથા ભરતભાઈ મહેતા, સીમાબેન રાજેશકુમાર મહેતા, ગીતાબેન વિરલકુમાર જોશી, જાગૃતિબેન વિપુલકુમાર દવે તથા શ્રદ્ધાબેન યશકુમાર મહેતાના પિતા તથા અથર્વ ભરતભાઈ મહેતાના દાદાનું તા.૧૧ના અવસાન થયું છે. બેસણું તા. ૧૨ને શનિવારે સાંજે ૫ થી ૬, તેમના નિવાસસ્થાન "શ્રી રામ રક્ષા", પ્રણામી પાર્ક શેરી નં. ૫, એસ.કે.પી. સ્કૂલવાળી શેરી, ૪૦ ફૂટના રોડ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

### :: જાહેર હરરાજી ::

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે જાફરાબાદ તાલુકાની શ્રી છેલણા પ્રા. શાળા માં ૩ (ત્રણ) સ્લેબવાળા ઓરડા તેમજ ૧ (એક) મ.ભો.યો. રસોડાની જાહેર હરરાજી નીચે જણાવેલ સ્થળ અને સમયે રાખવામાં આવેલ છે. જેની અપસેટ કિંમત રૂા. ૫૮,૦૦૦/- (અંકે રૂપિયા અઠાવન હજાર પુરા) છે. તેમજ હરરાજીમાં ભાગ લેવા માટે ડિપોઝીટ પેટે રૂા. ૫૦૦૦/- (રૂપિયા પાંચ હજાર) નક્કી કરવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોએ હરરાજીમાં સમયસર ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે. હરરાજી અંગેની શરતો અને બોલીઓ સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

તારીખ : ૨૩/૦૪/૨૦૨૫, બુધવાર
સમય : સવારે ૧૦:૦૦ કલાકે
સ્થળ : પ્રા. શાળા - છેલણા

લી.
આચાર્ય / SMC - છેલણા
શ્રી છેલણા પ્રા. શાળા

### :: જાહેર હરરાજી ::

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે જાફરાબાદ તાલુકાની શ્રી ટીંબી કુમાર પે. સેન્ટર શાળા ના કુલ ૧૨ (બાર) સ્લેબવાળા ઓરડાની જાહેર હરરાજી નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળ ઉપર રાખવામાં આવેલ છે. જેની અપસેટ કિંમત રૂા. ૨,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ દસ હજાર) છે. તેમજ હરરાજીમાં ભાગ લેવા માટે ડિપોઝીટ પેટે રૂા. ૨૫૦૦૦/- (રૂપિયા પચ્ચીસ હજાર) નક્કી કરવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોએ હરરાજીમાં સમયસર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. હરરાજી અંગેની શરતો અને બોલીઓ સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

તારીખ : ૧૯/૦૪/૨૦૨૫, શનિવાર
સમય : સવારે ૯:૦૦ કલાકે
સ્થળ : ટીંબી કુમાર શાળા - ટીંબી

લી.
આચાર્યશ્રી / SMC - ટીંબી
શ્રી ટીંબી કુમાર પે. સે. શાળા


નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# રાજુલાના વોર્ડ નં. ૪માં રોડ બનાવવામાં કોન્ટ્રાક્ટરની મનમાની, લોકોના ઘરમાં પાણી જવાની ભીતિ

રાજુલા, તા.૧૨

રાજુલા નગરપાલિકામાં નવી બોડી આવ્યા બાદ વિકાસના કામો ઝડપથી શરૂ તો થયા, પરંતુ વોર્ડ નંબર ૪માં રોડ બનાવવામાં કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે આવી છે. કોન્ટ્રાક્ટર દ્વારા આડેધડ કામ કરવામાં આવતા રોડની ગુણવત્તા કથળી છે અને લોકોના ઘરમાં પાણી ઘૂસી જવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, કોન્ટ્રાક્ટર સ્થળ પર હાજર રહેતા નથી અને મજૂરો પોતાની મરજી મુજબ કામ કરી રહ્યા છે. જેના કારણે રોડ યોગ્ય રીતે બન્યો નથી અને સરકારના પૈસાનો વેડફાટ થયો છે. વોર્ડ નંબર ૪માં બનેલા રોડની એવી સ્થિતિ છે કે વરસાદી પાણી લોકોના ઘરમાં ઘૂસી જવાની શક્યતા છે. ચૂંટાયેલા સભ્યોને આ અંગે જાણ કરવામાં આવતા તેઓ સ્થળ પર પહોંચ્યા હતા, પરંતુ સુપરવાઈઝરે તેમને યોગ્ય જવાબ આપ્યો ન હતો. એટલું જ નહીં, રોડને સરખો કરવા માટે કહેવામાં આવતા રોડની વચ્ચે જ ઉભો પાળો બનાવી દેવામાં આવ્યો હતો, જે હાંસીને પાત્ર બન્યો છે. રોડ લોકોના ઘર કરતાં ઊંચો બનતા સ્થાનિકોમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારના જાગૃત નાગરિક વિનોદભાઈ રાઠોડે મીડિયાને જણાવ્યું હતું કે જો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો તેઓ રાજુલા નગરપાલિકાના પ્રમુખ, ધારાસભ્ય અને ડેપ્યુટી કલેક્ટર સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે. હવે જોવાનું એ છે કે આ ખરાબ રોડ ફરીથી નવો બનશે કે પછી આવી જ હાલતમાં રહેશે.

# અમરેલીના વેપારીને હીરાની ખરીદી કર્યા બાદ નાણા નહી ચુકવી રૂા. ૧૦.૪૬ લાખની ઠગાઈ

**મુંબઈમાં રહેતા શખ્સ સામે વેપારીએ અમરેલી સીટીમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં છેતરપિંડી, ઠગાઈ જેવા બનાવો વારંવાર બનવા પામે છે. લોકો વિશ્વાસમાં લઈ સમયસર નાણા નહી આપી લાખો રૂપિયાની છેતરપિંડી કરતા હોય છે અને જયારે નાણા પરત માંગવામાં આવે છે ત્યારે હાથ ખંખેરી લેતા હોય છે. થોડા દિવસ પહેલા અમરેલીના પેટ્રોલપંપ સંચાલકે મહિલા પાસેથી સોનુ, રોકડ રકમ ઓળવી ગયા બાદ પૈસા કે સોનુ પરત નહી આપતા આ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી તો હવે અમરેલીમાં રહેતા એક પ્રૌઢ પાસેથી હીરાની ખરીદી કરી સમયસર નાણા નહી ચુકવતા છેતરપિંડી કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. અમરેલીના ચક્કરગઢ રોડ પર રહેતા ફરિયાદી સુરેશભાઈ ગીરધરભાઈ પાનસુરીયા હીરાની લે-વેચનો વ્યવસાય કરે છે ત્યારે સુરેશભાઈ અને તેના ભાગીદારોનો વિશ્વાસ કેળવી મુંબઈના કાંદિવલી વિસ્તારમાં રહેતા અરવિંદ વલ્લભ શેલડીયા મૂળ ગામ દેવગામ તા.કુંકાવાવવાળાએ સુરેશભાઈએ ભાગીદારીમાં ખરીદ કરેલ હીરાનો માલ ખરીદ કરી સુરેશભાઈને સમયસર નાણા આપવાનું અરવિંદભાઈએ જણાવ્યા બાદ સમયસર નાણા નહી આપીને સુરેશભાઈ સાથે રૂા.૧૦,૪૬,૦૪૩ની ઠગાઈ કરી હોવાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# લાઠીમાં મસ્જિદે જતા યુવકને રસ્તામાં આંતરી ગાળો આપી

**પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ**

અમરેલી,તા.૧૨

લાઠીમાં રહેતા એક મુસ્લિમ યુવકને રસ્તામાં આંતરી બાઈક આડુ નાખી બેફામ ગાળો આપી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપતા આખો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. ફરિયાદી મહમદઈલિયાસ અલારખ સેતા અને અબ્દુલભાઈ મસ્જિદ જતા હોય ત્યારે આરોપી સાહિત રહીમ બ્લોચ અને મહમદ રહીમ બ્લોચ નામના ઈસમોએ બંને લોકોને રસ્તામાં આંતરી બાઈક આડુ રાખી બેફામ ગાળો આપી હતી. ફરિયાદીએ આરોપીઓને ગાળ બોલવાની ના પાડતા આરોપીઓને સારૂ લાગ્યુ નહોતું અને બંને લોકોના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. જેથી મહમદઈલિયાસે સોહિલ અને મહમદ સામે લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલામાં PSI અને LRD માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો

સાવરકુંડલા, તા.૧૨



સાવરકુંડલા શહેરના મહુવા રોડ પર સ્થિત એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલ ખાતે પીએસઆઈ (પોલીસ સબ ઈન્સ્પેક્ટર) અને એલઆરડી (લોકરક્ષક દળ) બનવા ઈચ્છુક ઉમેદવારો માટે એક માર્ગદર્શન સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં રાજકોટના સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાંત ખાનસર દ્વારા ઉમેદવારોને પરીક્ષાની તૈયારીઓ કેવી રીતે કરવી તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે પરીક્ષાના વિવિધ પાસાઓ અને સફળતા માટેની વ્યૂહરચનાઓ વિશે સમજાવ્યું હતું. આ સેમિનારનો લાભ સમગ્ર અમરેલી જિલ્લાના મોટી સંખ્યામાં ઉમેદવારોએ લીધો હતો. કાર્યક્રમમાં સંકુલના ટ્રસ્ટી અશરફભાઈ કાશમાણી, ડાયરેક્ટર કુરેશી તેમજ જેમણે ફિઝિકલ ટ્રેનિંગમાં સફળતા અપાવી તેવા મુસ્તાક, હનીફ, ઈમરાન અને સી.આર.સી. ગુલઝાર, મહેબૂબબાપુ કાદરી, નાસીરબાપુ કાદરી અને ઈમ્તિયાઝભાઈ તાજાણી સહિત સમગ્ર સ્ટાફે હાજરી આપીને સેમિનારને સફળ બનાવ્યો હતો.

# નાની ધારી ગામની વાડીમાંથી ૨૫ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

**પોલીસે આરોપીના કબજામાંથી દેશી દારૂ બનાવવાનો આથો પણ કબજે કર્યો**

અમરેલી,તા.૧૨

ખાંભા તાલુકાના નાની ધારી ગામે પોલીસે વિદેશી દારૂની ૨૫ બોટલની સાથે દેશી દારૂ બનાવવાનો આથો પણ ઝડપી પાડયો હતો. જેથી પોલીસે નાની ધારી ગામના શખ્સ સામે પ્રોહિબિશન હેઠળ કાર્યવાહી કરી છે. ખાંભા તાલુકાના નાની ધારી ગામે રહેતા વનરાજભાઈ રામભાઈ વાળાએ પોતાની વાડીમાં વિદેશી દારૂની બોટલ રાખી હોવાની ખાંભા પોલીસને બાતમી મળી હતી જેથી પોલીસે વનરાજભાઈની વાડીમાં રેઈડ કરતા વાડીમાંથી ૨૫૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો ઝડપી પાડયો હતો તેમજ અલગ-અલગ કંપનીની વિદેશી દારૂની ૨૫ બોટલ પણ ઝડપાઈ હતી. પોલીસે કુલ રૂ.૨૦,૮૪૪નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને દારૂનો સંગ્રહ કરનાર ઈસમ સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# લુવારાના યુવાનોની ઉમદા સેવા, ધોમધખતા તાપમાં ૧૫ દિવસથી શરબત વિતરણ

સાવરકુંડલા, તા.૧૨



સાવરકુંડલા તાલુકાના લુવારા ગામે દાનેવ યુવા ગ્રુપના યુવાનો દ્વારા છેલ્લા પંદર દિવસથી ધોમધખતા તાપમાં બાપા સીતારામ મઢુલી ખાતે ઠંડા શરબતનું નિઃસ્વાર્થ સેવા કાર્ય કરવામાં આવી રહ્યું છે. શરૂઆતમાં માત્ર બે દિવસ માટે આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ કાળઝાળ ગરમીને જોતા યુવાનોએ આ સેવા કાર્યને લંબાવવાનો નિર્ણય લીધો. આ સેવા કાર્યને સફળ બનાવવા માટે સમગ્ર યુવા ગ્રુપે ભારે જહેમત ઉઠાવી છે. નોંધનીય બાબત એ છે કે આ સેવા કાર્ય ફક્ત ગ્રામજનોના સહયોગથી ચાલી રહ્યું છે અને બહારથી કોઈ પણ પ્રકારનું દાન સ્વીકારવામાં આવતું નથી. ''ગરમીમેં ઠંડક'' આપતા આ માનવસેવા અભિયાનની સમગ્ર પંથકમાં ભારે પ્રશંસા થઈ રહી છે.

# ધારીમાં બજરંગ ગ્રુપ દ્વારા એસટી ડેપો ખાતે છાશ કેન્દ્રનો પ્રારંભ કરાયો



અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે ધારીની સેવાકીય સંસ્થા બજરંગ ગ્રુપ દ્વારા એસટી ડેપો ખાતે છાશ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી. છાશ કેન્દ્રની શરૂઆત થતા મુસાફરોએ છાશનું સેવન કરી પોતાની જઠરાગ્નિ ઠારી હતી.

# અમરેલીની કે.પી. ધોળકિયા કોલેજનો દબદબો, યુનિવર્સિટી ટોપ-ટેનમાં ચાર વિદ્યાર્થિનીઓ ઝળકી

અમરેલી,તા.૧૨



શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શ્રી કે.પી. ધોળકિયા ઈન્ફોટેક મહિલા કોલેજ, અમરેલીની ચાર વિદ્યાર્થિનીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા બીસીએ કોલેજના એગ્રીગેટ પરિણામમાં ટોપ-ટેનમાં સ્થાન મેળવીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. યુનિવર્સિટી કક્ષાએ ટોચનું સ્થાન મેળવનારી વિદ્યાર્થિનીઓમાં ચોવટીયા ક્રિષ્ના કે. - યુનિવર્સિટીમાં છઠ્ઠો ક્રમાંક - ૮૮.૪૨%, પટોળીયા ખુશી પી. - યુનિવર્સિટીમાં સાતમો ક્રમાંક - ૮૭.૫૮%, કાનાણી માનસી એલ. - યુનિવર્સિટીમાં આઠમો ક્રમાંક - ૮૭.૫૬%, રોલા મિરા આર. - યુનિવર્સિટીમાં નવમો ક્રમાંક - ૮૭.૪૨%નો સમાવેશ થાય છે. ચક્કરગઢ રોડ સ્થિત શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ખાતે કાર્યરત આ કોલેજની તેજસ્વી વિદ્યાર્થિનીઓએ મેળવેલી આ સિદ્ધિ બદલ સમગ્ર સંકુલ પરિવારે તેઓને અભિનંદન પાઠવ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| કેરી કાચી | ૭૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૩૦૦૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૪૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૬૫ | ૨૫૫ |
| ટમેટા | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૬૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોળા | ૯૦૦ | ૧૨૫૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૯૦૦ |
| સરગવો | ૧૫૦ | ૪૫૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૫૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૫૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| મેથી | ૧૫૦ | ૩૫૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૭૫૦ | ૯૫૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૯૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |
| ગુંદા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૩૪૦ |
| રીંગણા | ૧૫૦ | ૩૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૪૦ | ૭૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૧૨૦ | ૧૬૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૧૫૦ | ૨૦૦ |
| દૂધી | ૧૦૦ | ૧૫૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળા લીલાં | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૨૦૦ | ૨૫૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૧૫૦ |
| સરગવો | ૧૦૦ | ૧૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૪૦ |
| લસણ લીલુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકુ | ૩૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૧૫૦ | ૨૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| ગુંદા | ૫૦૦ | ૭૦૦ |
| કાચી કેરી | ૪૦૦ | ૬૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૪૨ |
| કપાસ મીડીયમ | ૧૧૩૦ | ૧૩૯૦ |
| મગફળી જીર૦ | ૯૮૩ | ૧૨૦૭ |
| ચણા | ૧૦૭૦ | ૧૦૯૦ |
| જીરૂ | ૩૮૯૦ | ૪૮૮૦ |
| ઘઉ | ૪૫૫ | ૫૨૫ |
| તુવેર | ૧૨૪૦ | ૧૩૬૦ |
| ધાણા | ૧૨૭૦ | ૧૫૯૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૯૧ | ૧૪૯૧ |
| ચણા | ૧૦૪૫ | ૧૦૭૦ |
| એરંડા | ૧૧૬૧ | ૧૧૬૧ |
| જીરૂ | ૪૮૭૦ | ૪૮૭૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૯૮૦ |
| કપાસ | ૮૦૦ | ૧૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૦ |
| જુવાર | ૬૦૦ | ૮૮૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ચણા | ૮૨૫ | ૧૦૭૫ |
| સોયાબીન | ૭૯૦ | ૭૯૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૪ | ૧૦૧૯ |
| શીંગ મોટી | ૧૦૩૮ | ૧૦૬૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૩૬ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૫૬ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૪૦ |
| ઘઉ લોકવન | ૪૮૦ | ૫૬૦ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૬૧૬ |
| ચણા | ૧૦૬૦ | ૧૧૨૧ |
| દેશી ચણા | ૧૨૫૦ | ૧૩૫૨ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૫૫ |
| એરંડી | ૧૧૫૦ | ૧૧૮૫ |
| ધાણા | ૧૩૫૦ | ૧૬૫૧ |

# જિલ્લામાં કેફી પીણુ પી વાહન ચલાવતા શખ્સો સામે કાર્યવાહી

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં દારૂડીયાઓ સામે પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે આમ છતાં અમુક ઈસમોને પોલીસનો જાણે કંઈ જ ડર ન હોય તેમ બિન્દાસ્ત દારૂ પી જાહેરમાં છાકટા બની ગાડી ચલાવતા હોય છે. દારૂના નશામાં કોઈની જીંદગી જોખમાય તે રીતે ગાડી ચલાવતા હોવાથી પોલીસે આવા ઈસમો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ધારીના શેલ ખંભાળીયા ગામે રહેતા બીચ્છુભાઈ ભાભલુભાઈ વાળા કેફી પીણુ પી વાહન ચલાવતા હોવાથી પોલીસે તેને ઝડપી પાડયો હતો. રાજુલાના ચાંચ ગામે રહેતા કિશોર ઝંડુરભાઈ ગુજરીયા નશો કરેલી હાલતમાં વાહન ચલાવતા હોવાની પોલીસને જાણ થતા પોલીસે તેની સામે કાર્યવાહી હાથ ધરી હતી. આમ, જિલ્લામાં નશો કરેલી હાલતમાં વાહન ચલાવતા શખ્સો સામે પોલીસે કડક કાર્યવાહી કરતા દારૂડીયાઓમાં ફફડાટ ફેલાયો છે.

# થોરખાણ અને ચાંચબંદરમાંથી રખડતા-ભટકતા શખ્સો ઝડપાયા

**પોલીસે બંને શખ્સોને ઝડપી પુછપરછ શરૂ કરી**

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં પોલીસે પેટ્રોલિંગ સઘન બનાવ્યું છે. જિલ્લામાં ચોરીના બનાવો અટકે તે માટે પોલીસ રાત્રીના શંકાસ્પદ ઈસમોની અટકાયત કરી પુછપરછ હાથ ધરે છે. જેમાં બાબરા તાલુકાના થોરખાણ ગામે રહેતો શાયર કેશુ ચારોલીયા રાત્રીના સમયે રખડતી-ભટકતી હાલતમાં મળી આવતા બાબરા પોલીસે આ શખ્સની અટકાયત કરી તેની પુછપરછ કરી હતી જયારે ચાંચબંદર ગામે રહેતા લાલા ડાયા ગુજરીયા નામનો શખ્સ રાત્રીના સમયે રખડતો ભટકતો મળી આવતા પોલીસે તેની અટકાયત કરી પુછપરછ કરી છે. આ બંને શખ્સો કોઈ મિલકત સબંધી ગુનો કરવાના ઈરાદે ભટકી રહ્યાં હતા કે કેમ તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# સાવરકુંડલાના બોઘરયાણી ગામ પાસે હનુમાનજી મહારાજનો પ્રાગટ્ય દિવસ ઉજવાયો

**સુરેશભાઈ પાનસુરીયા પરિવાર દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન**

સાવરકુંડલા,તા.૧૨



સાવરકુંડલા તાલુકાના બોઘરયાણી ગામ પાસે બોઘરયાણી ખોડિયાર માતાજી મંદિરે હનુમાનજી મહારાજનો પ્રાગટ્ય દિવસ ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો. બ્રહ્મલીન પરમ પુજ્ય નારણદાસ બાપુના સાનિધ્યમાં અને આશ્રમના મહંત મહેશદાસ બાપુની પવિત્ર ઉપસ્થિતિમાં સુરેશભાઈ પાનસુરીયા પરિવાર દ્વારા આ ધાર્મિક કાર્યક્રમની ઉજવણીનું આયોજન કરાયું હતું. હનુમાનજી મહારાજના પ્રાગટ્ય દિવસે હનુમાનજી મહારાજનું પૂજન કરી ધ્વજારોહણ ત્યારબાદ મહાઆરતી અને મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે તમામ પક્ષોના રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આશ્રમના સ્વયંસેવકો દ્વારા મોટી જહેમત ઉઠાવવામાં આવી હતી.

# અનએપોલોજેટિકલ હિન્દુ મનોજકુમારે 'શોર'માં બોદા સમાજવાદના લીરેલીરા ઉડાવી દીધા હતા



## વિચાર વલોણું



જયવંત પંડ્યા

એક મિલ શ્રમિક મનોજકુમારને ઘોંઘાટ વચ્ચે કામ કરવું પડે છે પરંતુ ઘોંઘાટ ગમતો નથી. તેની પત્ની નંદા ટ્રેન અકસ્માતમાં દીકરાને બચાવવા જતાં પોતે મરી જાય છે. આના આઘાતમાં દીકરાનો સ્વર ચાલ્યો જાય છે. એ સમયની ફિલ્મોમાં પરિવારનું કે દંપતીનાં સ્વપ્નાં ગીતો બહુ રહેતાં – ઝીલમીલ સિતારોં કા આંગન હોગા, રિમઝિમ બરસતા સાવન હોગા, એસા સુંદર સપના અપના જીવન હોગા કે પછી તુમ સે બના મેરા જીવન, સુંદર સપન સલોના, તુમ મુઝસે ખફા ન હોના અથવા તુઝે કિતના પ્યાર કરેં, તુઝે ઈતના પ્યાર કરે, આજ કહે તું જિતના, હમ તુમ્હે ઉતના પ્યાર કરે. આ જ ગીત પછી કરુણતા લઈને આવે. 'શોર'નું આવું જ ગીત હતું- 'એક પ્યાર કા નગ્મા હૈ, મૌજોં કી રવાની હૈ, ઝિંદગી ઓર કુછ ભી નહીં, તેરી મેરી કહાની હૈ'. વિચાર કરો, આ ગીત સાંભળતી વખતે ભલભલા પાષાણ હૃદયો પણ રોઈ પડે છે. જે લોકો પોતાની કળા દ્વારા સર્જન કરીને હસાવે-રડાવે-ગુસ્સે કરે છે તેવા લોકો પણ પોતાની જાતને રોકી શકતા નથી. એક કાર્યક્રમમાં મહાન ગાયક મૂકેશના તેવા જ મહાન ગાયક દીકરા નીતિન મૂકેશે જ્યારે આ ગીત ગાયું ત્યારે ગીતકાર-લેખક જાવેદ અખ્તર પણ પોતાની આંખને ભીની થતી રોકી શક્યા નહોતા. તેવો જાદુ માત્ર મનોજકુમાર, સંગીતકાર લક્ષ્મીકાંત-પ્યારેલાલ, ગીતકાર સંતોષ આનંદ અને મૂકેશ-લતા મંગેશકર ભેગાં થાય ત્યારે થાય.

ગીતકાર સંતોષ આનંદે બહુ ઓછી ફિલ્મોમાં ગીતો લખ્યાં, પણ જે લખ્યાં તેમાં મોટા ભાગનાં આવાં ચિરસ્મરણીય રહ્યાં. અને એ સંતોષ આનંદને ખિલવનાર અભિનેતા મનોજકુમાર જે પોતે પણ ગીતકાર હતા. હા, મનોજકુમાર માત્ર અભિનેતા નહોતા, તેઓ સારા ગીતકાર, સારા સંપાદક (એડિટર), સારા નિર્દેશક અને સારા લેખક પણ હતા. એ મનોજકુમાર હવે આપણી વચ્ચે રહ્યા નહીં. ૪ એપ્રિલે એમણે પાર્થિવ દેહ છોડ્યો. તેમના વિશે તો ટીવી પર અને બીજા દિવસે સમાચારપત્રોમાં ઘણું આવી ગયું, પરંતુ જે નથી આવ્યું તેની વાત કરવી છે. કેટલાક લીલા ચશ્માધારીઓ ગાંધીજીથી માંડીને નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કેટલાક આગેવાનોથી લઈને મનોજકુમાર બધાને લીલા ચશ્માથી જ દેખાડવાનો પ્રયત્ન કરે અને મનોજકુમાર કટ્ટરવાદી નહોતા અને રાષ્ટ્રવાદી હતા તેવું સાબિત કરવાનો નિષ્ફળ અને નિરર્થક પ્રયત્ન કરે. રાષ્ટ્રવાદી હોય તે કટ્ટરવાદી ન જ હોય અને કટ્ટરવાદી લીલા ચશ્માધારી જ હોય જે દરેક વાતમાં હિન્દુઓને ગાળો ભાંડવાનું ચૂકે નહીં. અને પાછા લાભ હિન્દુ ઈકૉ સિસ્ટમ પાસેથી જ લેવાના. ચમચાગીરી મોદી સાહેબ કરીને કરવાની.

મનોજકુમારે ભાગલાની વેદના વેઠી હતી. તે વેદના અને રાષ્ટ્રવાદ બંને તેમની ફિલ્મોમાં દેખાતાં, પરંતુ તે વખતે વહેતા સામ્યવાદના પ્રચંડ આંધળા પ્રવાહમાં તેઓ તણાયા નહોતા. એટલે 'શોર'માં મજૂરોની એક તરફ હડતાળ બતાવી, 'પાની રે પાની તેરા રંગ કૈસા, ભૂખે કી ભૂખ ઔર પ્યાસ જૈસા' આવા ગરીબી પર ચાબખા મારે તેવા શબ્દો ભલે હતા, પરંતુ તેમાં મિલ સ્વામીની વિવશતા પણ બતાવી હતી કે જો તે બૉનસ અને પગાર વધારો આપવા જશે તો તેને મિલ નીલામ કરવાનો વારો આવશે. આગળ સંવાદો વાંચોઃ

સ્વામીઃ સમાજવાદ કે રાસ્તે કા પથ્થર રાસ્તે કી દીવાર માલિક નહીં, બલ્કિ માલિક ઔર મઝદૂર કા બેઈમાની ઝઘડા હૈ અને પછી હડતાળ કરનાર શ્રમિક જ કહે કે સાહબ ફૅક્ટરી તો મઝદૂર કા મંદિર હૈ. માલિક કહે, દોસ્ત આપ લોગ અગર મેરા સાથ દે તો યે મંદિર નીલામ હોને સે બચ સકતા હૈ, શ્રમિકઃ સાહબ મઝદૂર ભૂખો મર જાયેગા લેકિન અપને માથે પર યે કલંક ન લગને દેગા કિ ઉસકી ફૅક્ટરી નીલામ હો ગઈ.

જે સમયમાં રાજ કપૂર, ઋષિકેશ મુખર્જીથી માંડીને ભલભલાએ સામ્યવાદ અને સમાજવાદનો લાલ રંગ ખોટી રીતે ફિલ્મોમાં દર્શાવીને ગરીબીને ગ્લૉરિફાય કરી અને મહેનતના અધિકારથી મળતા પૈસાને લાત મારવી તે જાણે બહુ સારી વાત હોય તેવા સમયમાં મનોજકુમારે આવો સંવાદ મૂકી સમાજવાદના આડકતરી રીતે ચીંથરેચીંથરા ઉડાડી દીધા હતા. એટલે જ સાચા રાષ્ટ્રવાદી એવા લાલબહાદુર શાસ્ત્રી તેમની વીરગત (શહીદ ખોટું કહે છે, શહીદનો અર્થ ઈસ્લામ માટે મરનાર થાય છે. તેના બદલે વીરગત અથવા હુતાત્મા શબ્દ જ વાપરવો જોઈએ) ભગતસિંહ પરની ફિલ્મ 'શહીદ' જોઈને પોતાના 'જય જવાન જય કિસાન' સૂત્ર પરથી ફિલ્મ બનાવવા કહી અને તેનો ઉત્તર મનોજકુમારે 'ઉપકાર' પરથી આપ્યો. આ 'ઉપકાર'ના 'મેરે દેશ કી ધરતી'માં તેમણે એકલા ગાંધીજી, નહેરુ અને તે વખતે સત્તામાં રહેલા લાલબહાદુર શાસ્ત્રીને જ સ્મર્યા નથી પરંતુ રણજીતસિંહને મહારાજા રણજીતસિંહ બનાવનાર શીખ હરિસિંહ નલવાને પણ સ્મરણ કર્યા છે જેમણે શીખ સામ્રાજ્યને ખૈબર ઘાટી સુધી ફેલાવવામાં બહુ નિર્ણાયક ભૂમિકા સેનાપતિ તરીકે ભજવી હતી. એટલે લાલબહાદુર શાસ્ત્રીને મનોજકુમાર પસંદ પડતા પરંતુ 'શોર'માં સમાજવાદની પોલ ઉઘાડી પાડી તેવા કારણોસર અને ખોટી રીતે ઈન્દિરા ગાંધી જેવાં સરમુખત્યારવાદી વડાપ્રધાન સામે નહીં ઝૂકવાના કારણે ઈન્દિરા ગાંધી સરકારે 'શોર' ટીવી પર દેખાડી દીધી.

તે વખતે ટીવી પર ફિલ્મોનું ચલણ કેટલું હતું તે તો જાણ નથી, પરંતુ નવી ફિલ્મોનું તો નહોતું જ. 'શોર' ટીવી પર આવવાના કારણે મનોજકુમારને મોટો ફટકો પડ્યો. અને એ પછી તેમની કૉમર્શિયલ 'દસ નંબરી' પર કટોકટી કાળમાં પ્રતિબંધ મૂકી દીધો. મનોજકુમાર તેની સામે ન્યાયાલયમાં ગયા અને જીતી પણ ગયા. પરંતુ લીલા ચશ્માધારીઓ આ વાત ગૂપચાવી જાય કારણકે ચમચાગીરી હિન્દુ ઈકૉ સિસ્ટમના નેતાઓની કરવાની પરંતુ કૉંગ્રેસના આકાઓને ખોટું ન લાગવું જોઈએ. મનોજકુમાર પાકા રાષ્ટ્રવાદી અને હિન્દુવાદી હતા. એટલે 'શહીદ' (મેરા રંગ દે બસંતી ચોલા) અને તે પછી દરેક ફિલ્મમાં તેમનો ભગવો રંગ, હિન્દુત્વ પ્રત્યેનું સાચું દર્શન અને ભારત પ્રત્યેનો પ્રેમ દેખાતો. પરંતુ ઉર્દૂ ભાષા પંજાબમાં બહુ બોલાતી. ઉત્તર પ્રદેશ કરતાંય વધુ. એટલે જ પંજાબી ગીતકારો કે ગાયકો પર ઉર્દૂનો પ્રભાવ વધુ આવ્યો. એ રીતે 'શોર'માં 'રાત કી રાની' એટલે કે જયા ભાદુડી પૈસા માગે છે ત્યારે મનોજકુમાર પણ કહે છે, નહીં આપું. આ હરામની કમાણી નથી, હલાલની કમાણી છે. આ હરામ અને હલાલની પરિકલ્પના ઈસ્લામમાં છે અને આજે હલાલ પ્રમાણપત્ર એ બહુ મોટી ઈકૉ સિસ્ટમ છે જેના દ્વારા અપરાધી મુસલમાનોને બચાવવામાં મારી-તમારી કમાણીના પૈસા હલાલ પ્રમાણપત્રવાળા ઉત્પાદનોને ખરીદવામાં આવે તો જાય છે. એના વિશે સમજવા એક અલગ લેખ કરવો પડે. પરંતુ એ જ સંવાદ દ્વારા મનોજકુમાર એ પણ કહેવા માગે છે કે ગરીબોને કંઈ કર્યા વગર પૈસા આપવા ન જોઈએ. ગરીબોએ કામ કરીને મહેનત દ્વારા પૈસા કમાવા જોઈએ. આ એ સમયે કેટલી મોટી વાત હતી તે સમજવા, તે સમયનાં સાહિત્ય, તે સમયની ફિલ્મો અને તે સમયની સરકારની નીતિને સમજવી પડે. આજે પણ કૉંગ્રેસ, આઆપ વગેરે પક્ષોની નીતિ રેવડીની જ છે.

આજે પણ લીલા ચશ્માધારી બનીને ભગવી ઈકૉ સિસ્ટમમાંથી મલાઈ ખાતા લોકો માટે બે જ આકા છે- એક અમેરિકા અને બીજું કટ્ટરવાદી દાઢી-ટોપીધારીઓ. શાહબુદ્દીન રાઠોડના લાભુ મેરાઈની જેમ અંમેરિકા એટલે અંમેરિકા, યુંરોપ એટલે યુંરોપ. સ્વતંત્રતા પછીથી જ આ રોગના જીવાણુઓ ફેલાવા લાગ્યા હતા. કલમઘસુઓથી માંડીને ફિલ્મકારો 'લવ ઈન પ' જેવી ફિલ્મો બનાવીને વિદેશમાં ગોરી ચામડીવાળી બિકિનીધારી યુવતીઓને, કેસિનોને, પ્લે બૉય જેવા હીરોને લફરાં કરતાં બતાવીને અમેરિકા-યુરોપ પ્રત્યે આપણા દેશવાસીઓના મનમાં એટલી ચાહના ભરી દીધી, એટલું બ્રેઈન વૉશ કરી દીધું કે વિદેશથી કોઈ ચીજ આપણે મગાવીએ તો તેને ગુજરાતીમાં આયાત કરી કહેવાય. તેને અંગ્રેજીમાં ઈમ્પૉર્ટેડ કહેવાય. અને લોકો કોઈ સારી ચીજ હોય તો ઈમ્પૉર્ટેડ આઈટેમ છે તેમ કહેતા. તેવા સમયે મનોજકુમારે 'પૂરબ ઔર પશ્ચિમ' બનાવી અને ભારતનું- વિશેષ તો, હિન્દુ ધર્મનું શું યોગદાન છે તે બતાવ્યું.

આજે ભગવાનની આરતી માટે ઘણાં મંદિરોમાં 'જય જગદીશ હરે' ગવાય છે, તેને લોકપ્રિય કરવામાં 'પૂરબ ઔર પશ્ચિમ'ની ભૂમિકા પણ ખરી. ફિલ્મમાં ઓઉમ્ નામના ક્રાંતિકારી પોલીસની ગોળીએ મરતી વખતે 'ઈન્કિલાબ' બોલે છે. આજે તો ક્રાંતિકારી, પોલીસ ઈન્સ્પેક્ટર કે સૈનિકની પત્નીને તેના પતિથી દુઃખી, ક્રોધિત અને છૂટાછેડા સુધી વાત લઈ જનારી બતાવાય છે. એકતા કપૂર તો પૉર્ન શ્રેણીમાં તેને લફરાબાજ બતાવે, પણ મનોજકુમારની ફિલ્મમાં આ ક્રાંતિકારીની ગર્ભવતી પત્ની (કામિની કૌશલ) તેના પતિનું અધૂરું સૂત્ર પૂરું કરી કહે છે, 'ઝિંદાબાદ'.

ક્રાંતિકારી ઓઉમ્ ની વરસાદમાં વહેતી લાશના દૃશ્ય વખતે પૃષ્ઠભૂમિમાં 'સારે જહાં સે અચ્છા' કે 'રઘુપતિ રાઘવ રાજા રામ' નથી આવતું, 'વંદે માતરમ્' આવે છે. જે સમયે 'વંદે માતરમ્' પ્રત્યે સરકારી સૂગ હતી તે વખતે મનોજકુમાર આવું સાહસ પણ કરતા. અત્યારે તો મગજથી વટલાઈ ગયેલા ફિલ્મકારો 'શેરશાહ' કે 'ફાઈટર' જેવી દેશભક્તિની ફિલ્મો બનાવે તોય એમાં કૉંગ્રેસની આ તુષ્ટિકરણવાળી નીતિની ચમચાગીરી કરવાનું ભૂલતા નથી.

કામિની કૌશલ વિધવા થયા પછી પણ પોતાનો ચાંદલો ભૂંસતી નથી કારણકે તેનો ક્રાંતિકારી પતિ તો અમર થઈ ગયો છે. અત્યારના કોઈ ફેમિનિસ્ટ એજન્ડા વગર મનોજકુમારે આ ક્રાંતિકારી પરિવર્તનનો પવન ફૂંક્યો હતો. અને આ વિધવાનું નામ પણ મનોજકુમારે ગંગા રાખ્યું હતું. સામે જાવેદ અખ્તરો સલીમ સાથે મળીને સીતા, ગીતા વગેરે એવાં પાત્રોનાં નામ રાખતાં જેનાથી તમને હિન્દુ ધર્મ પ્રત્યે શરમ આવે. (દીપા મહેતાની 'ફાયર'માં લેસ્બિયન જેઠાણી-દેરાણીનાં નામ સીતા અને રાધા છે!) બીજી તરફ, ગદ્દાર હરનામની પત્ની પોતાનો ચાંદલો ભૂંસી નાખે છે. તે વખતના દૃશ્યમાં હરનામના પિતા તરીકે સાધુ થઈ ગયેલા અશોકકુમારના મોઢે શુદ્ધ હિન્દીમાં 'ક્ષમા, પ્રાયશ્ચિત, પરંતુ' જેવા શુદ્ધ હિન્દીના શબ્દો મૂક્યા છે, ઉર્દૂના નહીં.

ફિલ્મમાં મનોજકુમાર ભારતના ગૌરવગાનનો ઝંડો ફરકાવવા ક્યાં જાય છે? પેરિસ, ટોક્યો, જર્મની? ના. જેણે આપણા પર રાજ કર્યું તે બ્રિટનમાં. ત્યાંની એક ક્લબમાં જઈને જ્યારે મનથી અંગ્રેજ બની ગયેલા હરનામ (પ્રાણ) કહે છે કે તારા દેશે શું આપ્યું? અત્યારે જેમ લીલા ચશ્માધારીઓ અને અમેરિકા-યુરોપના માનસિક દાસો એમ કહે છે કે એક તરફ અમેરિકા સુનિતા વિલિયમ્સને અંતરિક્ષથી પાછાં લાવે છે જ્યારે આપણો દેશ (આવું કહેતી વખતે દેશનો અર્થ આવા લોકો માટે હિન્દુવાદીઓ હોય છે) ઔરંગઝેબની કબરના વિવાદમાં પડ્યો છે, તે જ રીતે 'પૂરબ ઔર પશ્ચિમ'માં હરનામ ભારત (મનોજકુમાર)ને કહે છે કે તુમ લોગ ઝમીન સે પેટ ભર અનાજ નહીં નિકાલ સકતે, ઔર લોગ ચાંદ તક પહોંચ ગયે. ઈંડિયાસ કન્ટ્રિબ્યૂશન ઈઝ ઝીરો.

તે વખતે મનોજકુમાર ગાય છે, 'જબ ઝીરો દિયા મેરે ભારત ને, દુનિયા કો તબ ગિનતી આઈ, તારો કી ભાષા ભારત ને, દુનિયા કો પહલે સિખલાઈ'. એટલે કે ચંદ્ર પર પહોંચવા માટે જે ખગોળશાસ્ત્ર (એસ્ટ્રૉનૉમી) છે તે તો ભારતે જ વિશ્વને આપ્યું છે. સભ્યતા પહેલા ભારતમાં આવી. આવું ખોંખારીને કહેનાર મનોજકુમાર હતા. બાકી તો આજે પણ ઘણા કહે છે કે ભારતને રાષ્ટ્ર અંગ્રેજોએ બનાવ્યું, અંગ્રેજોએ જ આપણને એટિકેટ શીખવાડી. વાતે-વાતે થૅંક્યૂ અને સૉરીનો છૂટો ઘા કરવાનો. અને કૉંગ્રેસીઓ કહે છે કે નહેરુને વડાપ્રધાન પદ મળ્યું હતું ત્યારે દેશમાં સોય પણ નહોતી બનતી.

મનોજકુમાર ગાય છે કે કલાનો જન્મ પણ સૌ પહેલાં ભારતમાં જ થયો છે. અપના ભારત વો ભારત હૈ જિસ કે પીછે સંસાર ચલા. મનોજકુમાર 'ઓમ શાંતિ ઓમ'માં શાહરુખ ખાન દ્વારા વપરાતો શબ્દ 'કાયનાત' નહીં, સંસાર વાપરે છે. ભલે ગીત ઈન્દિવર પાસે લખાવડાવ્યું, પણ તેને મનોજકુમારની અનુમતિ વગર ન જ રાખી શકાય.

આ ગીતમાં હિન્દુ દર્શન કેવું બતાવાયું છે કે જહાં રામ અભી તક હૈ નર મેં, નારી મેં અભી તક સીતા હૈ, ઈતની મમતા નદિયોં કો ભી, જહાં માતા કહકે બુલાતે હૈ. રાજકુમાર હીરાણી 'થ્રી ઈડિયટ્સ' અને 'પીકે'માં ભગવાનની પૂજાને આડંબર બતાવે પરંતુ આ ગીતમાં મનોજકુમાર કહે છે કે 'ઈતના આદર ઈન્સાન તો ક્યા, પત્થર ભી પૂજે જાતે હૈ, ઈસ ધરતી પે મૈંને જનમ લિયા, યે સોચ કે મૈં ઈતરાતા હૂં'.

ફિલ્મોમાં શરૂઆતથી જ ગીતો-સંવાદોમાં ઉર્દૂ શબ્દો વપરાય છે. રશ્ક એ કમર, જાનેમન, આશિકી, સનમ, મોહબ્બત, દિલ, જીગર. પરંતુ મનોજકુમારે 'પૂરબ ઔર પશ્ચિમ'માં ભારત એટલે કોણ તે બતાવવા ગીત મૂક્યું- કોઈ જબ તુમ્હારા હૃદય તોડ દે, તડપતા હુઆ જબ કોઈ છોડ દે, તબ તુમ મેરે પાસ આના પ્રિયે.' તેમાં 'દિલ'ના બદલે 'હૃદય', 'જાનેમન'ના બદલે 'પ્રિય', 'આઈના'ના બદલે 'દર્પણ' વપરાયા છે. આ સિવાય સર, દીપક વગેરે શબ્દો પણ છે.

આમ, તેઓ અનએપોલૉજેટિકલ હિન્દુ હતા. એટલે કે છાનુંછપનું કંઈ નહીં. કોઈ ક્ષોભસંકોચ નહીં. મનોજકુમારની આ ભગવા રંગે રંગાયેલી રાષ્ટ્રવાદી ફિલ્મોની વાત એક લેખમાં ન સમાઈ શકે, અને હા, તેમની સંગીત સૂજની પણ વાત કરવાની છે. તે તો આખો અનોખો વિષય થઈ જાય તોય પ્રયત્ન કરશું કે આવતા એક જ લેખમાં શક્ય હોય તેટલું બધું આવરી લેવાય. (ક્રમશઃ) ■


jaywant.pandya@gmail.com


# ચર્ચા – વ્યાખ્યાઓ અંગે સ્પષ્ટ થઇ જાઓ....

## રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

ગુજરાતીમાં બે કહેવત છે. 'બોલે તેના બોર વેચાય', અને 'ન બોલવામાં નવ ગુણ.' દેખીતા આ બંને કહેવતો વિરોધાભાષી લાગે છે, પરંતુ તેમ નથી. બંને કહેવતો સમય સ્થિતિ સાથે સીધો સંબંધ ધરાવે છે. ક્યારે બોલવું અને ક્યારે મૌન રહેવું એ આ બંને કહેવતો વચ્ચેની વિવેકબુદ્ધિ રેખા છે. જયારે બોલવાનું હોય ત્યારે બોલવું જ જોઈએ અને જયારે ન બોલવાનું હોય ત્યારે મૌન રહેવું જોઈએ, એવો સામાન્ય અર્થ બંને કહેવતોનો સંયુક્ત કરી શકાય. જ્યાં બોલવાનું હોય અને માણસ મૌન ધારણ કરી લે તો એવા સમયે મૌન એ મૂક સંમતિ માની લેવામાં આવે છે. બીજી રીતે કહીએ તો જો તમે કોઈ મુદ્દાની ચર્ચામાં ભાગ નથી લઈ રહ્યા, જ્યાં તમને સ્વાભાવિક ચર્ચાના ભાગીદાર માનવામાં આવે છે. તો બીજી કહેવતમાં તમે ફિટ બેસો છો. તમે માનો છો કે આ વાતમાં પાડવા જેવું નથી. જો તમે કોઈ મુદ્દે ચર્ચામાં ઉતરો છો તો અભ્યાસની જરૂર છે, શબ્દભંડોળ જરૂરી છે. એ મુદ્દાના સારાનરસા પાસાઓની જાણ જરૂરી છે. શબ્દભંડોળ તમને સામાન્ય મિસ્ત્રીમાંથી શિલ્પકાર બનાવી શકે છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે ચર્ચા કરતા પહેલા વ્યાખ્યાઓ વિશે સ્પષ્ટ થઈ જાઓ.

આજના સુપરફાસ્ટ સમયમાં કોઈપણ જાહેર જગ્યાએ ચર્ચામાં ઉતરતા પહેલા તમારી પાસે અભ્યાસ અને શબ્દ બંને હોવા જરૂરી છે. આજે શબ્દની ગતિએ અવાજ અને પ્રકાશની ગતિને માત આપી દીધી છે. જીવંત પ્રસારણ નામનો શબ્દ ક્રાંતિકારી અને બડો જોખમી છે. તમે દુનિયાના ખૂણે સીધા દેખાઈ સંભળાઈ રહ્યા છો ત્યારે ભાષાપ્રયોગ અગત્યની બાબત બની જાય છે. અને જયારે તમે દેશની સંસદમાં બોલવા માટે ઉભા થાઓ છો ત્યારે પૂર્વતૈયારી સવિશેષ કરવી પડે છે. તથ્યો, આધારો, ઉદાહરણો, તર્ક, મંતવ્ય તમારી ભાષાના હથિયારો હોવા જોઈએ. ત્યાં બોલાયેલા શબ્દો રેકર્ડ પર જાય છે, સો વર્ષ બાદ પણ ખોદી કાઢીને તમારી તરફેણ કે વિરુદ્ધમાં વાપરી શકાય છે. જેમ હાલમાં જયારે વકફ બિલ પર ચર્ચા ચાલી રહી હતી ત્યારે લાલુ યાદવના શબ્દો ટાંકવામાં આવ્યા હતા, એ ઉદ્બોધનમાં લાલુ યાદવે આવો કડક કાયદો ઘડવાની ભલામણ કરી હતી, કહ્યું હતું કે ખાનગી અને સરકારી જમીનો હડપ કરવામાં આવી રહી છે. આજે લાલુ યાદવ હયાત છે પણ પાર્ટી પુત્ર ચલાવી રહ્યો છે અને એનું વલણ એ સમયના લાલુ યાદવના વિધાન અને માંગથી વિરુદ્ધનું છે. બીજા એક ઉદાહરણમાં કોંગ્રેસના સાંસદ દિગ્વિજયસિંહ દ્વારા ૨૬/૧૧ મુદ્દે પોતાનું નામ લઈને આરએસએસ અંગેના પોતાના નિવેદન પર વાંધો ઉઠાવ્યો હતો. જે તે સમયે દિગ્વિજયસિંહ દ્વારા નિવેદન કરવામાં આવ્યું હતું કે ૨૬/૧૧ના હુમલામાં આરએસએસનો હાથ હતો. નિવેદન ખુબ જુનું હતું પણ આજે સંસદમાં ગુંજી ગયું. ગૃહમંત્રી દ્વારા વળતી ચેલેન્જ આવી કે જો એમને વાંધો ન હોય તો આજે પણ પોતાનું માઈક ચાલુ કરીને એ નિવેદન નથી કર્યું એમ કહી દે. તમારો ભૂતકાળ શબ્દ દ્વારા પણ તમારો પીછો કરે છે.

એક ચર્ચા આજે જોરશોરથી ચાલી રહી છે કે જે પક્ષની ગઠબંધન સરકારે ૨૦૧૩માં આ બિલ કોઈ લાંબી ચર્ચા વિના જ સંસદમાં મંજૂર કરાવ્યું હતું એ જ બિલ આજે રીવર્સ થઈ રહ્યું હતું ત્યારે પક્ષના નેતા બિલની વિરુદ્ધની ચર્ચામાં ભાગ નહોતા લઈ રહ્યા. વિપક્ષમાંથી ઘણા સાંસદો બોલ્યા અને જોરશોરથી પોતાનો પક્ષ રાખ્યો, પણ મુખી જ ગેરહાજર હતા. ભલે તમે બોલવાના ન હો, તો સાંભળવા પણ હાજર રહી શકતા હતા. છેક મતદાન સમયે ગૃહમાં આવીને ગુપચુપ મતદાન કરી જવાનો શું મતલબ છે ?. જો કે બિલ પર લગભગ તેર ચૌદ કલાક ચર્ચા ચાલી હતી. વધુ કરુણ બાબત તો એ છે કે કોંગ્રેસના જ નેતા અને ગાંધી પરિવારના એક સદસ્ય તો વિરુદ્ધનો વોટ આપવા પણ નહોતા આવ્યા. જે બિલને તમારી સરકારે પાસ કર્યું હતું એ બિલમાં સુધારા થઈ રહ્યા હતા, તમારો ભૂતકાળનો નિર્ણય પલટાવી નાખવામાં આવી રહ્યો હતો, ત્યારે ભૂતકાળના તમારા નિર્ણયના સમર્થનમાં બોલવું શું તમારી ફરજ નહોતી ? તમારી ગેરહાજરી શું એ સૂચવે છે કે સંશોધન બિલ રદ થવામાં તમારી સંમતિ છે ? જો સંમતિ ન હોય તો એ સ્પષ્ટ થાય છે કે જુનું બિલ માત્ર અને માત્ર તૃષ્ટિકરણનો એજન્ડા પાર પાડવા માટે અને ચંદ ઠેકેદાર મુસ્લિમ આગેવાનોને સાચવવા માટે જ પસાર કરવામાં આવ્યું હતું. દેશના ગરીબ મુસ્લિમોનું એમાં કોઈ હિત નહોતું. જેમ બોલવાથી જવાબદારી ઉભી થઈ જાય છે, તેમ નહિ બોલવાથી પણ જવાબદારી ઉભી થઈ શકે છે. રાહુલ ગાંધીના આવી મહત્વની ચર્ચા વખતે હાજર નહિ રહેવા અને નહિ બોલવા અંગે સવાલો થવા વાજબી છે. એક ચર્ચા એવી પણ ચાલી રહી છે કે એમનો પક્ષ જ એમને બોલવા દેવા નથી માંગતો.

૨૦૧૩માં પાસ કરવામાં આવેલ બિલના અમુક પ્રાવધાન અસંવૈધાનિક હતા, જે આ સંશોધનમાં દૂર કરવામાં આવ્યા છે. જે અનુસાર બોર્ડના નિર્ણયથી ઉભા થતા કોઈપણ વિવાદને માત્ર બોર્ડની ટ્રીબ્યુનલમાં જ પડકારી શકાતો હતો. દેશના ન્યાયતંત્રમાં નહિ. અપીલની જોગવાઈ જ નહોતી. સંવિધાનના સ્પીરીટથી ઉપર કોઈ કાયદો હોઈ શકે નહિ. દેશનો દરેક કાયદો દેશના સંવિધાનને કેન્દ્રમાં રાખીને ઘડવામાં આવે છે. અને તેનું અર્થઘટન પણ સંવિધાનની નિશ્રામાં કરવામાં આવે છે. કોઈ કાયદો આ પરિઘમાંથી બહાર ફેંકવો એટલે જ બંધારણની અવમાનના. જો તમને બંધારણનો વિશેષ અભ્યાસ છે, તો આ બંધારણીય મુદ્દો જ હતો.

ક્વિક નોટ -- 'મહાત્મા ગાંધીજીએ ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે લડાઈ લડી હતી, આદરણીય અમારા નેતા રાહુલ ગાંધીજીએ વેસ્ટ ઈન્ડિયા સામે લડાઈ લડવાની છે.' == અમદાવાદ ખાતે યોજાયેલા કોંગ્રેસના અધિવેશનમાં યુથ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ બી.વી. શ્રીનિવાસનું પશ્ચિમી રાજ્યો સામે લડવાનું એલાન ■


production@infiniumpharmachem.com


# અત્યારે દેશને શેની વધારે જરૂર છે ?

## હાસ્યાય નમઃ




ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧) તમે ભરબજારે શું ખાતાં હતાં ? સમોસા કે બગાસાં?

ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)

ખાવા ગયો હતો સમોસા પણ એ આવતા એટલી વાર લાગી કે બગાસાં ખાઈ ને ચલાવવું પડ્યું!

(૨) બસમાં ધારાસભ્ય માટે સીટ રિઝર્વ હોવા છતાં ક્યારેય બેસતા કેમ નથી ?

જીગર આહીર (દાત્રાણા- પાટણ)

રિઝર્વ હોય એટલે બેસવું જ પડે એવું કોણે કહ્યું?

(૩) કઈ ઉમરથી પુરુષ ભાભો ગણાય?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

દરેક ઉમરના પુરુષમાં એક ભાભો હોય છે અને દરેક ભાભામાં એક પુરુષ હોય છે.

(૪) તમે તમારી કોલમમાં ' કવિઓના પ્રકારો' હાસ્યલેખ લખેલો. સાંભળ્યું છે, તમે પણ કવિ છો!

હસમુખ બોરાણિયા ( અમદાવાદ)

બોલો, બત્રીસ વરસમાં મેં કવિતાની બેવડી સદી ફટકારી દીધી છે અને આપે હજી માત્ર હું કવિ છું એવું સાંભળ્યું છે!

(૫) સવાર પડે તો એ ક્યાં પડતી હશે ?

ગીરીશ મકવાણા (કોડીનાર)

જ્યાં રાત ન પડી હોય ત્યાં.

(૬) દુષ્યંત શબ્દમાં ષ અડધો શા માટે આવે છે?

યોગેશભાઈ આર જોશી (હાલોલ:જિ.પંચમહાલ)

નિશાળમાં હાજરીપત્રકમાં નામ સમાતું નહોતું એટલે સાહેબે ષ અડધો કરી નાખ્યો.

(૭) સાહેબ.. તમને કેમ ખબર પડે કે તમારા જવાબથી બધા હસતાં જ હશે..?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

મેં ક્યાં કહ્યું બધા હસે છે? અમુક તો રીતસરના દાઝે પણ છે!

(૮) ઉનાળામાં મહેમાનો માટે બાથરૂમમાં આવી સૂચના લખવી જોઈએ. "ન્હાતા પહેલા શાવર નીચે હથેળી રાખી પાણીનું ઉષ્ણતામાન ચેક કરી લેવું.× શું કહો છો ?

કનુભાઈ પરમાર (દામનગર)

મહેમાનોને નવડાવવા કરતાં ખવડાવવા પર વધારે ધ્યાન આપવાની જરૂર છે.

(૯) અત્યારે દેશને શેની વધારે જરૂર છે?

કટારિયા અમિત હિંમતભાઈ (કીડી)

સખણા રહે એવા પાડોશીની.

(૧૦) ટ્રમ્પસાહેબ ટેરિફ ન લગાવે એ માટે શું કરવું?

જય દવે (ભાવનગર)

આ કોલમમાં સવાલ પૂછે એના પર ટેરિફ નહી લાગે એવી અમારે સમજૂતી થઈ છે.

(૧૧) વેકેશનમાં શું કરવું?

નીરવ ડણાંક (અમરેલી)

વેકેશન પછી જે કરવાનું છે એની તૈયારી.

(૧૨) 'મને મોકલ્યો હોત તો સારું હતું' એનું હિન્દી શું થાય?

દર્શન પટેલ (વડોદરા)

તમે મોટા થયા પણ બાળપણ ના ગયું!

(૧૩) સ્ત્રીઓ વારંવાર અરીસામાં શું કામ જોતી હશે?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

અમારા ગામનાં મણીમા ઘણીવાર કહેતાં, ' આયનો બાઈનો ભેરુ!'

(૧૪) મેરે મન કી ગંગા ઓર તેરે મન કી જમના કા બોલ રાધા બોલ સંગમ હોગા કી નહી?.. તમારું શું કહેવું છે? રામભાઈ પટેલ (સુરત)

તમારા અંગત મામલામાં નદીઓને શું કામ સંડોવો છો?

(૧૫) ઘણાં નિજાનંદ માટે કવિતા લખે છે. તમે?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

બીજાનંદ માટે! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# પ્રભુને પણ પ્રિય એવા આ સૌરાષ્ટ્રને વ્યસનમુક્ત કોણ બનાવશે ?

**દરેક પિતા પોતાની દીકરીનું વેવિશાળ કરતાં પહેલા એ તપાસ તો ખાસ કરે છે કે મુરતિયા ઉમેદવારને કોઈ વ્યસન છે કે નહિ ?**

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

સૌરાષ્ટ્ર પર વરસોથી પાનમાવાના ગંભીર આરોપ થાય છે ને હવે જ્યારે જનારોગ્ય જોખમી બન્યું છે ત્યારે એના પર વિચાર કરવો જરૂરી છે. આજે પરિસ્થિતિ એ છે કે દરેક પિતા પોતાની દીકરીનું વેવિશાળ કરતાં પહેલા એ તપાસ તો ખાસ કરે છે કે મુરતિયા ઉમેદવારને કોઈ વ્યસન છે કે નહિ. અને જો વ્યસન હોય તો સારું ઘર અને વર પણ પડતા મૂકવાનો નિયમ બની ગયો છે. આ સંયોગો એટલા ગંભીર છે કે વ્યસનને કારણે પણ દીકરાઓ કુંવારા રહી જવાની દહેશત છે. કોરોનાની પાછલી જીવલેણ સનસનાટી પછી પણ કોઈના વ્યસનોમાં જરા પણ ફેરફાર થયો હોય એવું જોવા મળે છે ? વ્યસનો માટે દોડતા ભટકતા ભૂતો સૌરાષ્ટ્રની દરેક શેરીઓમાં જોવા મળે છે.



માણસજાતને બદલાવવી એટલે કે એના વ્યવહાર અને ટેવમાં ફેરફાર કરવો બહુ અઘરું કામ છે. પ્રકૃતિ સાથેનો નાતો તૂટી ગયા પછી એને ફરી સંધાતા હજારો વરસો વીતી જશે એમ પર્યાવરણવિદો માને છે અને એટલે ત્યાં સુધીમાં ચોતરફ વિનાશલીલા સર્જાશે. કડવું પણ આ સત્ય છે. વૈશ્વિક હવામાન સંસ્થા વર્લ્ડ મટીરિયોલોજી ઓર્ગેનાઈઝેશને અગાઉ જાહેર કરેલા દુનિયાના અત્યારના હવામાન અંગેના સ્ટેટસ રિપોર્ટ પ્રમાણે પાછલા વરસોની તુલનાએ નાગરિકોની પર્યાવરણ પ્રત્યેની બેફિકરમાં સખત વધારો થયો છે. બે-ચાર ફૂલ કે વૃક્ષવેલ સાથે પસાર કરવાનો સમય હવે વિશ્વના જનસમુદાય પાસે નથી. જેમ જેમ ઘડિયાળના કાંટા અને કેલેન્ડરના પાના આગળ ફરતા જાય છે તેમ તેમ માનવજાતિ કોઈક રહસ્યમય કારણથી પ્રકૃતિ વિમુખ થતી જાય છે.

સમયની એ ખતરનાક ડિમાન્ડ છે કે માણસજાતે હવે કુદરતની નજીક રહેવું. એક અમથા લીમડાના ઝાડ નીચે બેસનારો વનવાસી બચી જશે ને વાતાનુકૂલિત દીવાલોમાં કેદ થયેલાઓ આરોગ્યની ધમાલમાં પડી જશે. આ વાત જુદી જુદી રીતે દુનિયાના અનેક મહાન લોકોએ વારંવાર કહી છે. પરંતુ કોરોનાએ ભાન કરાવ્યું છે કે પહેલું અને છેલ્લું બધું સુખ જાતે નર્યાનું જ છે. માણસજાત કુદરતથી જેટલી વિમુખ રહે એટલી એને આપત્તિ જ છે. સમય એવો બદલાયો છે કે જેઓ વ્યસનમુક્ત છે અને તેજસ્વી છે તેઓ જ ખરા સદભાગી છે.

એથી એના પરિણામો પણ હવે એ ભોગવે છે. હવામાન ક્ષેત્રના વૈજ્ઞાનિકોના મત પ્રમાણે કોઈ રાજનેતાના વ્યર્થ ભાષણો જેટલો જ અરસિક વિષય પર્યાવરણ થતો જાય છે. દુનિયા કોઈ એક અણધાર્યા પર્યાવરણીય વિનાશ તરફ પુરપાટ વેગે વહી રહી છે અને નાગરિકો એમની જૂની ભોગવાદી પરંપરામાં બેહોશ થયેલા એટલે કે વાતાવરણના આઘાતજનક પરિવર્તનોની ઉપેક્ષા કરનારા થયા છે. પોતાનો મુક્તિનો સમય પ્રકૃતિ કાજે ફાળવતા વડીલો પણ હવે ઘટી ગયા છે. દુનિયામાં વયોવૃદ્ધ લોકોની પણ એક નવી જનરેશન અસ્તિત્વમાં આવી છે જે એકાંતપ્રિય અથવા મનોરંજનપ્રિય છે. વૈજ્ઞાનિકોએ એ વાતની ગંભીર નોંધ લીધી છે કે દુનિયાના કેટલાક વિખ્યાત ગાર્ડનના બાંકડાઓ પણ સમીસાંજે હવે ખાલી દેખાવા લાગ્યા છે.

વૃક્ષો પર પંખીઓ ઘટયા છે અને બાંકડાઓ પર બેસનારા લોકો પણ પહેલા જેટલા રહ્યા નથી. કુદરતનો પૂર્ણ સાક્ષાત્કાર કરાવતા ઉદ્યાનોમાં વ્યાપ્ત થતો જતો આ સુનકાર, આમ તો માનવ જિંદગીઓમાં આવનારા સન્નાટાનો આગોતરો પરિચાયક છે. ધ સ્ટેટ ઑફ ધ ગ્લોબલ કલાયમેટ નામક આ રિપોર્ટ એક રીતે તો ભવિષ્યની ભયાવહ સમસ્યાઓનો એક ખતરનાક દસ્તાવેજ છે, પરંતુ જગત એને ગંભીરતાથી લે એવી શક્યતા બિલકુલ નથી. કારણ કે આ રિપોર્ટ તો મોસમ વૈજ્ઞાનિકોની નવી એક બૂમ છે, આની પહેલાની અનેક બૂમાબૂમનો વિશ્વના જનસમુદાયે કોઈ પ્રત્યુત્તર પાઠવ્યો નથી કે જનવર્તનમાં કોઈ ફેરફાર નોંધાયો નથી.

વૈજ્ઞાનિકો જો કે હવે નિરાશ થતા નથી, તેઓ માનવજાતિને તેમની પર્યાવરણ પરત્વેની ઉદાસીનતાની સજા મળતી થાય એની પ્રશાંત ચિત્તે પ્રતીક્ષા કરતા થયા છે, કારણ કે સત્તાઓ અને મહાસત્તાઓ તેમના કહ્યામાં ન હોય ત્યારે સહદેવવૃત્તિથી તેમણે પરિણામોની માત્ર પ્રતીક્ષા કરવાની રહે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવના કહેવા પ્રમાણે પર્યાવરણની સભાનતા અને સકારાત્મક પ્રવૃત્તિઓ વધવાને બદલે આ વિષય હવે હાંસિયામાં મૂકાઈ ગયા છે. વિશ્વના થોડા વૈજ્ઞાનિકો અને ચપટીક બુદ્ધિજીવીઓ સિવાય ન તો પ્રજા કે ન રાજકર્તાઓ પર્યાવરણ અંગે સક્રિય છે. તેઓની નિષ્ક્રિયતાએ નવા સંકટને નોંતરું આપ્યું છે.

રિપોર્ટ પ્રમાણે છેલ્લા ચાર-પાંચ વરસમાં દુનિયાના ઉષ્ણતામાનમાં ક્રમિક વધારો થયો છે. હવે આ તાપમાન વધતા દરે વધે છે. એમ માનવામાં આવતું હતું કે વિવિધ આંતરરાષ્ટ્રીય ઝુંબેશને કારણે અંગારવાયુના ઉત્સર્જનમાં કંઈક ઘટાડો થશે, પરંતુ વધારો થયો છે. પેરિસમાં થયેલા જટિલ કરારના દસ્તાવેજ પ્રમાણે આ ચાલુ એકવીસમી સદીના અંત સુધીમાં તાપમાન વધી વધીને માત્ર બે ડિગ્રી સેલ્સિયસ વધે એની સાવધાની રાખવાના નિયમો ઘડવામાં આવ્યા હતા, જ્યારે કે છેલ્લા એક વરસમાં જ એક ડિગ્રી સેલ્સિયસ તાપમાન તો વધી ગયું છે. સદીના અંત પહેલા જ અંત આવી જવાનો આ સંકેત છે. આખી આ વર્તમાન સદી પૂરી થાય ત્યાં સુધીનો અંદાજ બહુ જ વહેલા પાર થઈ જશે અને પછી એ જે ગતિ પકડશે તે વિવિધ દેશોના સમુદાયો માટે વધુને વધુ ઘાતક પુરવાર થશે. ■

# મેં વરરાજાનો લિબાશ ઉતાર્યો અને ખાખી વર્દી ચડાવી




વાર્તા વિશ્વ

યોગેશ પંડયા

લિસ્ટ વાંચીને શર્માજી અકળાઈ ઉઠયા. જેમાં વાટકીથી વોશિંગ મશીન અને ગરવાથી માંડીને 'ગ્રાન્ડ વિટારા' કાર સુધીની યાદી હતી. બે પાનાંમાં ભરાયેલું લિસ્ટ વાંચીને શર્માજીએ જૂહીના શ્વસૂરને ફોન કર્યો ત્યારે વેવાઈએ નફફટ રીતે હસતાં હસતાં કહ્યું કે શર્માજી, હજી દહેજની રોકડ રકમ તો લખી જ નથી. લગ્ન વખતે તો માંડવામાં તમારે એ ફોર્માલિટી પૂરી કરવી જ પડશે.!! ''

''ફોર્માલિટી કેટલામાં પૂરી થશે ? '' ગુસ્સે ભરાયેલા શર્માજીએ વેવાઈને પૂછયું ત્યારે વેવાઈએ કહ્યું કે, ''આમ તો તમારી શક્તિ મુજબ અગિયાર લાખ ગણ્યાં છે બાકી તો એક બે લાખ આઘાંપાછાં ! નવ લાખ ફિકસ રાખીએ !! બાકી, એકવાર સગાઈ તૂટી એટલે તમને ખબર છે ને ? તમારી દીકરી ઉપર મોટો ડાઘ લાગી જવાનો !!''

શર્માજી ત્યાં જ બેસી પડયા, સુશીલા બેસહાય પતિની પીડા પોતાની આંખમાં ભરીને તાકી રહી. શર્માજી આયખાને કાંઠે આવીને ઊભા રહી ગયેલા સામાન્ય નોકરિયાત માણસ હતા. ઘરને શોભે તેવો કરિયાવર તો તેઓ કરવાના જ હતા પરંતુ સગાઈ કર્યા પહેલા આવી કોઈ સ્પષ્ટતા વેવાઈએ કરી નહોતી. વેવાઈ સાથેનો સંબંધ આજકાલનો હતો પણ નહીં. પોતાના બનેવીના સગામાં જ ત્રીજી પેઢીએ પિતરાઈ ભાઈ જ હતા. સગામાં જ સગુ હતું.

''તમે ગિરધારીલાલને ફોન કરો.'' પત્નીએ સુઝાવ આપ્યો. શર્માજીએ ગિરધારીલાલને ફોન કર્યો. તો ગિરધારીલાલ હસીને બોલ્યા : ''મેરે પ્રિય સાલે સાહેબ, યે તો સબ પરંપરા હૈ. યે તો રિશ્તા હૈ દિલ સે દિલ તક જાનેકા. યે શિરસ્તા હૈ.

શર્માજીએ ફોન મૂકી દીધો. આ એક પ્રકારનો દગો હતો. શર્માજી ગૂમસૂમ થઈ ગયા અને તે જ દિવસે તબિયત લથડી. જૂહી દોડતી મારા ઘરે આવી રડી પડી : ''અભિ, પપ્પાને ખૂબ ગભરામણ થાય છે. મારા ફુઆને ફોન કર્યા પછી સ્પિચલેસ થઈ ગયા છે ચાલને જલ્દી, દવાખાને લઈ જવા પડશે પ્લીઝ, હેલ્પ મી.''

મેં તેને આશ્વાસ કરી : '' અંકલને કશું જ નહીં થાય. તું ચિંતા ન કર. હું હમણાં જ લલ્લનની ફોર વ્હીલ લઈને આવુ છું..'' મેં તેને ઘરે મોકલી અને હું મારા ફ્રેન્ડ લલ્લન પાસે ગયો. લલ્લને તરત જ ગાડી બહાર કાઢી. અમે બધા અંકલને લઈને રેલવે હોસ્પિટલ પહોંચ્યા, ડોકટરે એડમીટ કરી દીધા. ડોકટરે કહ્યું : ''બી.પી. ખૂબ વધી ગયુ છે. હૃદય ઉપર પણ જોખમ છે. હમણાં આઈ.સી.યુ.માં જ રાખવાના થશે. ત્રણ દિવસ પછી રિપોર્ટમાં આવ્યું કે શર્મા અંકલની બે નળી બ્લોક છે એન્જીયોગ્રાફી કરવી પડશે. એટલે અમદાવાદ શિફ્ટ કરવા પડયા. આ દરમિયાન તેણે સ્ટેટ પબ્લિક સર્વિસ કમિશનમાં આપેલી પરીક્ષાનું રિજલ્ટ આવી ગયું અને હું ડેપ્યુટી કલેકટર તરીકે સિલેકટ થઈ ગયો. જૂહીએ મને અભિનંદન આપ્યા પણ મેં કહ્યું કે જયાં સુધી શર્મા અંકલ ઠીક થઈને ન આવે ત્યાં સુધી મને ડી.સી. બનવાનો કોઈ આનંદ નહીં મળે !!'' મારો જવાબ સાંભળીને એ મારી આંખોમાં તાકી રહી. જાણે મારી આંખોમાં શર્માજી પ્રત્યેની મારી લાગણી વાંચી રહી હતી અને પછી મને અચાનક ભેટી પડીને રડી પડી. મેં તેને સહેલાવી. દરમિયાન જૂહીના કાકા અને મામા થોડી આર્થિક સગવડ લઈને અમદાવાદ હાર્ટની હોસ્પિટલ આવી પહોચ્યા. ડોકટરને શર્મા અંકલને એક સ્ટેન્ટ બેસાડવાનું પણ જરૂરી લાગ્યું તથા તેમની એક કિડની ક્રોનિકલ મંદ પડી ગઈ હતી. હાઈ બીપીને લીધે તેમની કિડની કામ કરતી બંધ થઈ ગઈ...

જો કે ડોકટર્સ ખૂબ જ હોશિયાર હતા. તેમણે તાત્કાલિક સારવારથી કીડની બચાવી લીધી. ઓપરેશન પૂરૂં થયા પછીની સાંજે જૂહી મને હોસ્પિટલની પાછળ લઈ ગઈ અને મારો હાથ તેના માથા ઉપર મૂકીને કહે ''પપ્પાનું હવે ઓપરેશન થઈ ગયું છે. હવે તારે નવી જોબ ઉપર હાજર થઈ જવાનું છે.. મારી કસમ છે !'' ''સારૂ'' મે કહ્યું અને હું આ નોકરીનું રાજીનામુ આપી ડેપ્યુટી કલેક્ટર તરીકે હાજર થઈ ગયો પછી મારી આંખમાં તો આઈ.પી. એસ. બનવાના સ્વપ્ન હતા.

આ તરફ શર્મા અંકલ ઘેર આવ્યા અને જૂહીએ તેના ભાવિ પતિને પોતાની, ઘરની, પપ્પા-મમ્મીની દરેક પરિસ્થિતિથી વાકેફ કરીને બોલાવ્યો. તેનો ભાવિ પતિ તો આવ્યો સાથે તેના પપ્પા - મમ્મી પણ આવ્યા હતા. પણ શર્માજીએ તેમને સમજાવ્યા કે હાલમાં મારી તબિયત સારી નથી. પછી જરૂર આવશે.'' પણ તેઓ ફરજિયાત નામકકર ગયા. લગ્નનું મુહૂર્ત પણ જોવડાવતા આવ્યા હતા અને મોકલેલ લિસ્ટ મુજબની અડધી વસ્તુઓ પણ સાથે મોકલી આપવા પ્રેશર કરી રહ્યા હતા. જૂહી, પોતાના પિતાની દયનીય સ્થિતિ જોઈ ના શકી અને તેણે બે હાથ જોડીને ''આ સંબંધ પોતે જ રાખવા માંગતી નથી સોરી..'' કહી દીધું. સગાઈ તૂટી ગઈ. પછી તો સગા સંબંધીમાં, જ્ઞાતિમાં એ લોકોએ જૂહી માટે ખૂબ ખરાબ વાતો ફેલાવી. પણ, જૂહીને તેના પપ્પાની તબિયતથી વિશેષ કશાનું મહત્વ નહોતું. પણ ઘરમાં સુતેલ શર્માજીની આંખો, જૂહીને જોઈને ભીની થઈ જતી. સમય પસાર થતો રહ્યો. આ દરમિયાન ધીમે ધીમે શર્મા અંકલ ઠીક થતા રહ્યા અને જૂહી માટે યોગ્ય પાત્રની શોધ કરતા રહ્યા. એ દરિમયાન ઈન્દોરથી એક પત્ર આવ્યો. રવિ ઠીક હતો. જોવા આવ્યો ત્યારે હું હતો નહી. જૂહીની મજબુરી ગણો કે તેના પપ્પાનું પ્રેશર, પણ જૂહીએ હા પાડી દીધી પણ બન્યું એવું કે, તે લોકોને જમીનના એક કેસમાં કૌટુંબિક ઝઘડો ચાલતો હતો. એક દિવસ સામસામે આવી ગયા. ધારિયા, તલવાર, બંદુક, તમંચા અને રવિથી એક કૌટુંબિક કાકાનું મર્ડર થઈ ગયું.

આ સમાચાર શર્માજી માટે આઘાતજનક હતા. તેને થયું કે દીકરીનું ભાગ્ય જ ભમરાળું છે ! તેણે પત્નીની પાસે પોતાની વ્યથા ઠાલવી ત્યારે સુશીલાએ કરૂણાભર્યું હસીને કહ્યું કે, ''એ તમારે વિચારવાનું છે કે દીકરીનું ભાગ્ય ભમરાળું છે કે પછી તેના ભાગ્યમાં તમે જ ભમરો થઈને બેઠા છો ?!'' શર્માજી પત્નીને તાકી રહ્યા. હવે રવિ સાથે થયેલ જૂહીની સગાઈ પોતે જ સામે ચાલીને તોડવી પડી. જૂહી તો આમ પણ જળકમળવત્ હતી. હવે તો પિતાની ઈચ્છાને માન આપીને ફરી પાછું કયાંક ત્રીજી જગ્યાએ જોડાવાનું હતું, પણ કદાચ શર્માજીની આંખોમાં કોઈ જૂદું જ ચિત્ર હતું. આ દરિમયાન યુપીએસસીનું મેઈન્સનું રિઝલ્ટ આવ્યું અને પહેલે જ ધડાકે હું પાસ થઈ ગયો. મારી ખુશીનો કોઈ પાર નહોતો. ઘરમાં પણ આનંદના અબીલ ગુલાલ ઉડયા. તે દિવસે હું પેંડાનું આખ્ખુ બોક્સ લઈને શર્મા અંકલના ઘરે ગયો. હોંશભેર તેમને પ્રણામ કરીને વધામણી ખાધી : ''અંકલ, હું આઈ.પી.એસ. કેડરમાં સિલકેટ થઈ ગયો છું.'' તેઓ ફિક્કું હસ્યા. પછી કોણ જાણે કેમ તેની આંખમાંથી એક આંસુ ટપકી પડયું. પછી તો મારે તરત જ ટ્રેનિંગ આવી. અને હું મસૂરી ટ્રેનિંગમાં જવા નીકળી ગયો. પડકાર વાળી આબોહવા અને સખ્ખત ફિઝીકલ ટ્રેનિંગથી મારૂં શરીર સોહામણું અને પૌરૂષી કર્ત્ઝસભર બની ગયું. રજાઓમાં હું ઘેર આવ્યો ત્યારે કોલોનીના દરેક સભ્યો મને અહોભાવથી તાકી રહ્યા હતા. પણ મારે જેની તલાશ હતી એ કયાં ખોવાઈ ગઈ હતી ? મારી બ્હાવરી આંખો તેને શોધતી હતી, ત્યાં જ એ ધીમે પગલે આવી. ઝૂકેલી નજર સાથે મારી સામે ઊભી રહી પછી કહે : ''પપ્પા તને બોલાવે છે ! ''

''મારૂં શું કામ પડયું ?'' વિચારતો જેવો શર્મા અંકલ પાસે પહોંચ્યો કે તેમણે ઊભા થઈને મને છાતી સરસો ચાંપી દીધો અને બોલ્યા, ''હું તને ઓળખી શક્યો નહી.'' મને કશું સમજાયું નહી. તેમણે જૂહીને બોલાવી. જૂહી ધીમે પગલે આવી. તેણે જૂહીનો હાથ લઈને મારા હાથમાં મૂકી દીધો અને મારી સામે ભીની નજરે તાકી રહ્યા પછી મારા ગાલે હાથ ફેરવીને કહે, ''બેટા જૂહી માટે તું જ યોગ્ય છે. આજે મારી દીકરીનું કન્યાદાન કરૂ છું જૂહી તને સોપુ છું. હવે અમે હોઈએ કે ન હોઈએ.. પણ હું વચન માગુ છું કે તું એને ફૂલની જેમ સાચવીશ!!'' અને તેમણે અમને બન્નેને પાંખમાં લઈ લીધા. દૂર ઊભા ખુશી આન્ટીની આંખોમાં આંસુ તગતગતા હતા પણ આનંદના!

ટ્રેનિંગ પૂરી થયે અમારા લગ્ન થયા. મેં દસ દિવસની રજા લીધી હતી પણ જૂહીને પરણીને હું ઘેર લાવ્યો એ જ દિવસે શહેરમાં કોમી દાવાનળ ફાટી નીકળ્યો હતો. તોફાનો ચાલુ થઈ ચૂક્યા હતા.

મને સાથીઓ દ્વારા મેસેજ મળતાં હતા. પણ હું ચિંતા મુક્ત હતો. સલૂણી સાંજ વિદાય થઈ અને રઢિયાળી રાત્રિ ઉતરી આવી. નવોઢાનાં લિબાશમાં જૂહી અપ્સરા સમી લાગી રહી હતી. અમારા શમણા ઉજવવાની આ રાત હતી ! અમે એકબીજામાં સમાયા.. પણ તનથી તનનો મોગરો મ્હેકે એ પહેલા જ મારો સેલફોન ગૂંજયો. જોયું તો આઈ. જી. સરનો ફોન હતો : ''મિ. અભિનવ, શહેર બેકાબૂ બની રહ્યું છે. પ્લીઝ, એટર્ન યોર ડયુટી. '' પણ હું બોલ્યો... ''સર, આજે જ મારા મેરેજ આજે પહેલો જ દિવસ...મીન્સ કે જસ્ટ હજી હમણાં જ...''

''આઈ નો અભિનવ, બટ ડયુટી ઈઝ ડયુટી યુ મસ્ટ હેવ જોઈન્ટ યોર ડયુટી...'' મેં ગુસ્સામાં આવીને ફોન કાપી નાખ્યો અને જેવો જૂહીને આલિંગનમાં લેવા ગયો કે જૂહીએ મીઠું હસીને મને ધક્કો માર્યો : ''પ્લીઝ, નો. નો. એસ.પી. સાહેબ ડયુટી ઈઝ ડયુટી. હું કયાંય જતી રહેવાની નથી પણ એવી કેટલીય સ્ત્રીઓ હશે જેના સુહાગ ચાંદલા વિંખાઈ જાય એ પહેલા તમારે પહોંચવાનું છે! સમજયા મારા ભરથાર ? આઈ વીલ વેઈટ, ફરજ પહેલા સપના પછી...'' પછી મારી પીઠ થપથપાવતી કહે : ''મેં કોઈ માયકાંગલાને પ્રેમ નથી કર્યો પણ એક ખાખી વર્દીને કર્યો છે !!! એ વર્દીનું પણ માન જળવાવું જોઈએ ને ?'' જવાબમાં મેં વરરાજાનો લિબાશ ઉતાર્યો અને ખાખી વર્દી ચડાવી પછી જૂહી સામે ગૌરવભર્યું સ્મિત કરી ફરજ ઉપર ચાલી નીકળ્યો !! (સમાપ્ત) ■

# સંતતિ વગર આટલી બધી સંપત્તિ કામની શું ?




ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

''એક દિવસ સાંજના છ વાગે ઓફિસેથી જીપ લઈને વિજય ઘરે આવ્યો, પાર્કિંગમાં જીપ પાર્ક કરી બેગ લઈને ઘરમાં આવ્યો. સોફામાં મારી બાજુમાં બેસીને તેણે બેગમાંથી સીલપેક ઈંગ્લીશ દારૂની બોટલ કાઢી, હું તો વિજય સામે જોતી જ રહી. બોટલ થ્રી એક્સ રમની હતી. એ બોટલ બતાવી તેણે મને કહ્યું : ''જાનુ, તને ગમે કે ન ગમે... પરંતુ આજે મને આ પીવાની ના ન પાડતી. મારે પીવું છે તને ખબર છે કે, રાતના મને કેવી અને કેટલી બધી તકલીફ થાય છે. હું કંઈ જ કરી શકતો નથી. પુરૂષ તરીકેનો પાવર હું તને બતાવી શકતો નથી. અને તારી તલસતી ને તડપતી કાયા મારાથી હવે જોવાતી પણ નથી. તને જોતા હવે મને કંઈનું કંઈ થાય છે. પરંતુ મારાથી કંઈ થઈ શકતું નથી. હું સાચે જ લાચાર છું જ્યોતિ ! કદાચ આ અંગ્રેજી દારૂ પીવાથી મારામાં જોમ કે જોશ આવે તો બીજું કંઈ નહીં પણ તને તૃપ્ત તો કરી શકું, આવું થાય તો પણ હું જંગ જીત્યો કહેવાઉં, બસ....'' આટલું બોલતા જ વિજયની આંખોમાં આંસુ ચમકયા. એ બોલતો બંધ થયો. પરંતુ થોડીવાર પછી સ્વસ્થ થતાં વળી ફરીથી તે બોલવા લાગ્યો :

''આઈ લવ યુ.... જ્યોતિ ! હું તને ખૂબ જ પ્રેમ કરૂં છું, મને મારી નબળાઈની બધી ખબર છે. ખાલી અમસ્તો પ્રેમ કે ચુંબન કે પછી હાથની કરામતથી બધું પુરૂં થઈ જતું નથી. એકબીજામાં ઓગળી જવું, એકાકારત્વ પ્રાપ્ત કરવું, શારીરિક સંબંધમાં અને અંગનું ભીનું ભીનું થઈ જવું, ને પછી અદ્ભૂત એવી તરસથી તૃપ્ત થવું, આવી અને આટલી ક્રિયા પૂર્ણ થાય અને શારીરિક તૃપ્તિ મેળવ્યા પછી જ સાચા સુખનો, ચરમસીમાનો અદ્ભુત આનંદ અનુભવવા મળે છે. પરંતુ હું તો માત્ર તારા ઉપસેલાં અને માંસલ એવા ભરાવદાર અંગોને દબાવવા, ચૂસવા, મસળવા કે પછી નાનાં નાનાં ઈજા વગરના બટકાં ભરૂ છું તેથી શું વળે ? એમાં કઈ ચરમસીમાનો આનંદ ન મળે, આવો આનંદ મેળવવા માટે જ આજે હું આ બોટલ લઈને આવ્યો છું. મારા એક મિત્રે કહ્યું છે કે, ''આ... રમના ત્રણ - ચાર પેગ પેટમાં પડે એટલે પછી અપ્સરા સાથે આપણે સંભોગ કરતા હોઈએ તેવો અહેસાસ થાય છે. અને પછી ધાર્યું પણ ન હોય તેવા ઉમળકા અને ઉભરા તો વારેવારે આવ્યા જ કરે છે.. આ ઉપરાંત બળ, શક્તિ, તાકાત અને જોશ ખૂબ જ વધી જાય છે. તાકાત વધતાની સાથે કોમળ અંગો આક્રમક રીતે ખૂબ કડક અને ટટ્ટાર બની જઈ ધાર્યું પરિણામ આપી શકે છે...''

વિજય બોલતો હતો અને હું તેને સાંભળતી રહી, વળી તેણે તો આગળ ચલાવ્યું : ''તને તો ખબર જ છે જ્યોતિ, કે મારી માગણી અલબત્ત કે મારી ઈચ્છા લગ્ન પહેલાં પણ એક મુન્નાની હતી અને છે. ગમે તેમ કરીને પણ મારે મુન્નો તો જોઈએ જ છે. તું મને મુન્નો આપીશ તો ખરી ને ? જો જે... પીધા પછી આજે તો મારાથી અલબત્ત કે હું એવી તાકાત બતાવીશ કે, તારા પેટમાં મારો મુન્નો રમવા લાગશે. અત્યાર સુધી તો મારાથી બાળક અવતરવા માટેની પ્રાથમિકતા પણ પૂરી થઈ શકતી ન હતી. એટલે શું કરૂં ? સારામાં સારી નોકરી કરૂ છું, ઘરનો બંગલો છે, બંગલામાં ગાડી છે, મારા કુળમાં એકમાત્ર હું જ વારસદાર છું. આપણા સમાજમાં એટલે કે જ્ઞાતિમાં હું કંઈક કંઈક છું, મારૂં માન છે.. સન્માન છે. સમાજના અનેક હોદ્દાઓ મારી પાસે છે. આ ઉપરાંત ત્રણસો વિઘા જમીનનો માલિક પણ છું...પરંતુ... સંતતિ વગર આટલી બધી સંપત્તિ કામની શું ? તું જ કહે જ્યોતિ...! હવે હું શું કરૂં ?'' આમ કહી વિજય થોડીવાર માટે અટકયો ત્યાં તો તરત જ વળી પાછો આગળ બોલ્યો :

''આમ તો જો જ્યોતિ..., દેખાવે તો મારૂં શરીર એક હીરો જેટલું સુંદર છે..તંદુરસ્ત પણ છું. મારા શરીરનો બાંધો, ઘાટ કેટલો બધો મસ્ત મસ્ત છે. પરંતુ મારામાં પૌરૂષત્વની તાકાત કયાં ? અંદરથી તો હું સાવ ખાલી છું. તું તો મારી પ્રેમાળ પત્ની છે. મારા શરીરના એક એક અંગની જાણતલ છે. તને નથી લાગતું કે મારામાં કંઈક તો ખામી છે જ, કંઈક તો ખૂટે જ છે...'' હતાશ થઈને વિજય બોલતો બંધ થયો, તેના આવા શબ્દો, તેની આવી વ્યથા, તેનું અંદર છુપાયેલ દર્દ સાંભળી છેવટે મેં તેને કહ્યું :

''જો વિજય, તું તો મારો પ્રેમ છે, તું જ મારો પતિ છે, તું જ મારો કંથ છે. હા, તું તો મારો દોસ્ત પણ છે. જો તું જ આમ સાવ નર્વસ થઈ જા તો પછી મારૂં કોણ ? તું તો પુરૂષ છે, પુરૂષની જાત જ આમ પાણીમાં બેસી જાય તે તો ન જ ચાલે. તારે મારો પણ વિચાર કરવાનો છે. તારા માટે હું તો બધું જ કરવા તૈયાર છું, તું આમ અધીરો ન થા. આપણે બેઉં સાથે મળીને કંઈક કરીએ, કંઈક અલગ જ વિચારીએ તો આમાં જરૂરને જરૂર કોઈ નવો રસ્તો મળશે જ...''

''સારૂં...'' વિજયે કહ્યું : '' એક કામ કર જ્યોતિ, સાંજના આઠ થયા છે, હવે થોડી બદામ, થોડા કાજુ, થોડી સીંગ અને થોડું ચવાણું એક ડીશમાં લઈ આવ. હું હવે પેગ તૈયાર કરૂં....''

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# સુપ્રીમ અને હાઈકોર્ટના માત્ર ૧૨% જજે જ સંપત્તિ જાહેર કરી, ગુજરાત હાઈકોર્ટના એકપણ જજે સંપત્તિ જાહેર કરી નથી

અમદાવાદ,તા.૧૨



સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના વર્તમાન અને ભવિષ્યના તમામ જજે સંપત્તિની વિગતો વેબસાઈટ પર જાહેર કરવાની રહેશે. દિલ્હી હાઈકોર્ટથી અલ્લાહાબાદ હાઈકોર્ટ ટ્રાન્સફર કરાયેલા જજ યશવંત વર્માના ઘરેથી આગની ઘટના સમયે કરોડો રૂપિયા રોકડા મળવાની ઘટના બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા આ નિર્ણય લેવાયો હતો. જોકે હજુ સુધી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ફક્ત ૧૨ ટકા જજે સંપત્તિની વિગતો જાહેર કરી છે. જ્યારે હાઈકોર્ટના ૭૬૨ જજમાંથી ૯૫ની એટલે કે ૧૨.૪૬ ટકા જજની સંપત્તિની વિગતો કોર્ટની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જ્યારે ૧૯ હાઈકોર્ટ એવી છે કે જેમના જજની સંપત્તિની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ નથી. જેમાં સૌથી મોટી ૮૧ જજો ધરાવતી અલ્લાહાબાદ હાઈકોર્ટનો પણ સમાવેશ થાય છે. રિપોર્ટ મુજબ આવી અન્ય હાઈકોર્ટમાં બોમ્બે, કલકત્તા, ગુજરાત, પટણા હાઈકોર્ટનો પણ સમાવેશ થાય છે. કેરળ હાઈકોર્ટના જજ સંપત્તિ જાહેર કરવામાં અગ્રેસર રહ્યા છે. કેરળ હાઈકોર્ટના ૪૪માંથી ૪૧ જજે પોતાની સંપત્તિ જાહેર કરી દીધી હતી. જ્યારે ગુજરાત હાઈકોર્ટના જજ સંપત્તિ જાહેર કરવામાં સાવ પાછળ રહી ગયા છે. હજુ સુધી ૨૫ જજમાંથી કોઈ જજે વિગતો વેબસાઈટ પર જાહેર કરાવી નથી. જ્યારે કેરળ, પંજાબ એન્ડ હરિયાણા જેવા રાજ્યોના જજ સંપત્તિની વિગતો જાહેર કરવા મામલે આગળ રહ્યા છે.

# ઉત્તરાખંડના ચમોલીમાં કાર અલકનંદા નદીમાં ખાબકતા એક જ પરિવારના પાંચના મોત

ચમોલી,તા.૧૨



હરિયાણાના ફરીદાબાદથી લગ્ન સમારોહમાં હાજરી આપવા જઈ રહેલા એક પરિવારને ઉત્તરાખંડના ચમોલીમાં અકસ્માત નડ્યો હતો. કાર અલકનંદા નદીમાં ખાબકી હતી, જેમાં પાંચ લોકોના મૃત્યુ નિપજ્યાં છે જ્યારે એક મહિલા ઈજાગ્રસ્ત થઈ છે. કારની ગતિ ખૂબ જ વધારે હોવાથી આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત દેવપ્રયાગથી શ્રીનગર તરફ બદ્રીનાથ હાઈવે પર લગભગ ૧૫ કિ.મી. દૂર બાગવાન નજીક થયો હતો. મળતી માહિતી અનુસાર, કાર અલકનંદા નદીમાં ખાબકી હતી, કારમાં મુસાફરી કરી રહેલી એક મહિલાનો બચાવ થયો હતો. તેમને શ્રીનગરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. ત્રણ બાળકો સહિત પાંચ અન્ય લોકો હજુ પણ ગુમ છે. એવી આશંકા છે કે તેઓ નદીના પ્રવાહમાં તણાઈ ગયા હશે. કારમાં છ લોકો સવાર હતા, આમાંથી, અનિતા નેગી નામની મહિલાને બચાવી લેવામાં આવી છે, જ્યારે મહિલાનો પુત્ર આદિત્ય અને મહિલાની નાની બહેન મીના ગુસાઈ, તેનો પતિ સુનીલ ગુસાઈ અને બે બાળકો ગુમ છે.

# ભાજપ અને એઆઈએડીએમકે વચ્ચે ગઠબંધન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખુશી વ્યક્ત કરી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૨



તમિલનાડુમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને, ભાજપ અને એઆઈએડીએમકે સાથે મળીને ચૂંટણી લડવા જઈ રહ્યા છે. આ અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે જણાવ્યું હતું કે એનડીએ આગામી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પલાનીસ્વામીના નેતૃત્વમાં લડશે. હવે પીએમ નરેન્દ્ર મોદીએ પણ ભાજપ અને એઆઈએડીએમકે વચ્ચેના જોડાણ અંગે નિવેદન આપ્યું છે. પીએમ મોદીએ જણાવ્યું કે, 'તમિલનાડુની પ્રગતિ માટે એક થઈને કામ કરો.' મને ખુશી છે કે એઆઈએડીએમકે એનડીએ પરિવારમાં જોડાયું છે. અમારા અન્ય એનડીએ સાથીઓ સાથે મળીને, અમે તમિલનાડુને પ્રગતિની નવી ઊંચાઈઓ પર લઈ જઈશું.

# વક્ફનો કાયદો અમલમાં આવ્યા બાદ પ.બંગાળમાં હિંસા, પિતા-પુત્રની હત્યા

કોલકાત્તા,તા.૧૨



વક્ફના કાયદામાં સુધારા બાદથી જ પશ્ચિમ બંગાળમાં ઠેર ઠેર હિંસા થઈ રહી છે. મુર્શિદાબાદમાં સતત બીજા દિવસે ભયંકર હિંસા થઈ. પોલીસ તંત્ર હિંસા રોકવામાં તદ્દન નિષ્ફળ નિવડ્યું છે ત્યારે શનિવારે ટોળાં દ્વારા પિતા-પુત્રની હત્યા કરવામાં આવી છે. આ ઘટના શમશેરગંજની પાસે જાફરાબાદ વિસ્તારની છે જ્યાં ભીડે બપોરના સમયે એક ગામ પર હુમલો કર્યો અને પિતા-પુત્રને મોતને ઘાટ ઉતાર્યા હતા. હિંસા બાદ મુર્શિદાબાદમાં કલમ ૧૬૩ લાગુ કરવામાં આવી છે, તથા ઈન્ટરનેટ પણ બંધ કરવાના આદેશ અપાયા છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના નેતા સુવેંદુ અધિકારીએ રાજ્યમાં કેન્દ્રીય દળોને તહેનાત કરવાની માંગ કરી છે. સ્થાનિક અહેવાલો અનુસાર ટોળાંએ લૂંટફાટના ઈરાદે હુમલો કર્યો હતો. પિતા અને પુત્રએ ટોળાંનો પ્રતિકાર કરતાં તેમને ઢોર માર મારવામાં આવ્યો હતો. મૃતકોના નામ હરગોવિંદ દાસ તથા ચંદન દાસ છે. શુક્રવારે જુમ્માની નમાઝ બાદ પણ બંગાળમાં હિંસા થઈ હતી. જેમાં ટોળાં દ્વારા અનેક જગ્યાએ આગચંપી કરવામાં આવી હતી. ઘણી જગ્યાઓ પર ટોળાં અને પોલીસ વચ્ચે પણ અથડામણ થઈ હતી. અનેક દુકાનો તથા વાહનોમાં પણ ભારે નુકસાન કરવામાં આવ્યું હતું. ટોળાંએ પોલીસના વાહનો તથા આઉટપોસ્ટને પણ આગ લગાવી હતી. શુક્રવારે થયેલી હિંસામાં પોલીસે અત્યાર સુધીમાં ૧૧૮ લોકોની ધરપકડ કરી છે.

# મહારાષ્ટ્રમાં મરાઠાઓએ જ ઓરંગઝેબને હરાવ્યો હતો : ગૃહમંત્રી અમિત શાહ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૨



છત્રપતિ શિવાજી મહારાજની ૩૪૫મી પુણ્યતિથિ પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મહારાષ્ટ્રના રાયગઢ કિલ્લા પહોંચ્યા હતા. તેમણે છત્રપતિ શિવાજી મહારાજને શ્રદ્ધાંજલિ આપી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ શિવાજી મહારાજની બહાદુરીને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે ઔરંગઝેબ, જે પોતાને આલમગીર કહેતો હતો, તેણે જીવનભર મહારાષ્ટ્રમાં મરાઠાઓ સામે લડત આપી. મરાઠાઓ દ્વારા તેમનો પરાજય થયો અને તેમને આ ભૂમિમાં દફનાવવામાં આવ્યો. આ ભૂમિ પર ઔરંગઝેબનો મકબરો છે. શાહની સાથે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે અને અજિત પવાર અને મરાઠા વંશજ બીજેપી સાંસદ ઉદયનરાજે ભોસલે અને રાજ્યકક્ષાના મંત્રી શિવેન્દ્રસિંહ ભોસલે હતા.

# વક્ફ કાયદો અમલમાં આવ્યા બાદ મધ્યપ્રદેશમાં સરકારી જમીન પર ખડકાયેલા મદરેસાને તોડી પડાયું

(એચ.એસ.એલ),ભોપાલ,તા.૧૨



દેશમાં વક્ફ કાયદો અમલમાં આવ્યા બાદ, મધ્યપ્રદેશના પન્ના જિલ્લામાં એક ગેરકાયદેસર મદરેસા સામે પહેલી કાર્યવાહી કરવામાં આવી છે. સરકારી જમીન પર ગેરકાયદેસર મદરેસા ચલાવવાની ફરિયાદ બાદ, તેને તોડી પાડવામાં આવ્યું હતું. એક સ્થાનિક રહેવાસીએ ભાજપના પ્રદેશ પ્રમુખ અને સાંસદ વિષ્ણુ દત્ત શર્માને સરકારી જમીન પર ગેરકાયદેસર મદરેસા ચલાવવાની ફરિયાદ કરી હતી. એસડીએમએ મદરેસા સંચાલકને નોટિસ ફટકારી હતી. એસડીએમ તરફથી નોટિસ મળતાં, મદરેસા સંચાલકે મજૂરોને રાખ્યા અને પોતે જ તેને તોડી પાડ્યું.

કિંમતી સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે બનેલા મદરેસાઓના બાંધકામ અંગે અનેક વાંધા અને ફરિયાદો પર કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી, પરંતુ કાયદો અમલમાં આવ્યા બાદ, સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે બનેલા મદરેસાઓની તપાસ શરૂ કરવામાં આવી છે.

# નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં ઈડીની મોટી કાર્યવાહી, મિલકતો કબજે લેવાની પ્રક્રિયા શરૂ

ન્યુ દિલ્હી,તા.૧૨




નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મોટી કાર્યવાહી કરી છે. ED એ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL)ની જોડાયેલી મિલકતોનો કબજો લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ૧૧ એપ્રિલ, ૨૦૨૫ ના દિવસે ED એ દિલ્હી, મુંબઈ અને લખનૌના પ્રોપર્ટી રજિસ્ટ્રારને નોટિસ મોકલી છે. આ ઉપરાંત, મુંબઈના હેરાલ્ડ હાઉસ ખાતે જિંદાલ સાઉથ વેસ્ટ પ્રોજેક્ટ્સ લિમિટેડને પણ નોટિસ મોકલવામાં આવી છે, જે તે બિલ્ડિંગના ૭માં, ૮માં અને ૯માં માળે ભાડે છે. હવે તેમણે દર મહિનાનું ભાડું ED ને જમા કરાવવાનું રહેશે. EDની તપાસમાં જાણવા મળ્યું કે, આ કેસમાં લગભગ ૯૮૮ કરોડ રૂપિયાનું કાળા નાણાની કમાણી થઈ હતી. જેના કારણે ૨૦ નવેમ્બર, ૨૦૨૩ ના દિવસે AJLની સંપત્તિ અને શેર જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત લગભગ ૭૫૧ કરોડ રૂપિયા છે. આ કાર્યવાહી હવે ૧૦ એપ્રિલના દિવસે કોર્ટ દ્વારા મંજૂર થઈ ગઈ છે. નવેમ્બર ૨૦૨૩ માં, ED એ દિલ્હી, મુંબઈ અને લખનૌમાં ૬૬૧ કરોડ રૂપિયાની સ્થાવર મિલકતો તેમજ ૯૦.૨ કરોડ રૂપિયાના AJL શેરને કામચલાઉ રીતે જપ્ત કર્યા હતા.

# બનાસકાઠામાં કપાતર પુત્રએ સગી માને પાવડાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી

પાલનપુર,તા.૧૨




વડગામ તાલુકામાં શેરપુરા (સેભર) ગામમાં એક મહિલાની હત્યાનો બનાવ બન્યો હતો. જેની જાણ વડગામ પોલીસને થતા જ પોલીસ એફએસએલની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી હતી. જ્યાં પહોંચતા જ માથાના ભાગે ઈજા પહોંચેલો લોહીલુહાણ હાલતમાં મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે તેનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો અને વધુ તપાસ હાથ ધરી હતી. આ હત્યાના બનાવ અંગે મૃતકના પતિ સુરેશભાઈએ પોતાના જ પુત્ર પરિમલ કટારીયા વિરુદ્ધ પોલીસને ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ મૃતક મહિલાનું નામ મધુબેન કટારીયા છે. તેનો દીકરો પરિમલ કટારીયા છેલ્લા બે વર્ષથી ગુસ્સામાં રહી અવારનવાર ઝઘડા કરતો હતો. અગમ્ય કારણોસર માતા અને પુત્ર વચ્ચે બોલાચાલી થઈ હતી. જે દરમિયાન, આવેશમાં આવી પુત્ર પરિમલ કટારીયાએ પોતાની જ માના માથાના ભાગે પાવડાના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું હતું.

# ધોરાજીમાં હનુમાન જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરાઇ

ધોરાજી,તા.૧૨



ધોરાજીમાં શનિવારે હનુમાન જયંતી ઉત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં ચૈતન્ય હનુમાનજી મંદિર ખાતે વિશેષ પૂજા, છપ્પન ભોગ દર્શન, ધર્મકાર્ય, બટુકભોજન અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. બાલયોગી હનુમાનજી મંદિર ખાતે હોમાત્મક ચાલીસાના પાઠ સહિત કાર્યક્રમ યોજાયા હતા. આ ઊપરાંત ઋષિ વાડી હનુમાનજી મંદિર અને બાલાજી મંદિર પાસે હનુમાન જયંતી ઉત્સવની ઊજવણી કરવામાં આવી હતી.

# UPI ડાઉન થતા ફોન પે, ગૂગલ પેમાં અનેક યુઝર્સને સમસ્યાનો સામનો કરવો પડ્યો

નવીદિલ્હી,તા.૧૨




શનિવારે ફરી એકવાર યુપીઆઈ ડાઉન થયું હતું જેને કારણે ઘણા વપરાશકર્તાઓએ યુપીઆઈ ડાઉન હોવાની ફરિયાદ પણ કરી હતી જો કે ઓનલાઈન પેમેન્ટ માટે ગૂગલ પે, ફોન પે, પેટીએમ, એસબીઆઈ દ્વારા ડિજિટલ પેમેન્ટ કરનારાઓને ટ્રાન્ઝેક્શનમાં સમસ્યાનો સામનો કરવો પડયો હતો. ડાઉનડિટેક્ટર દ્વારા પણ યુપીઆઈ ડાઉનની પુષ્ટિ કરવામાં આવી હતી, જે એક લોકપ્રિય વેબસાઈટ છે જે આઉટેજને ટ્રેક કરે છે. ડાઉનડિટેક્ટર મુજબ, યુપીઆઈ ડાઉન થવાની સમસ્યા બપોરે ૧૨ વાગ્યે શરૂ થઈ હતી જાકે બાદમાં ફરી સમસ્યા ઉભી થઈ હતી. યુપીઆઈમાં ખામીથી મોટી સંખ્યામાં વપરાશકર્તાઓ પ્રભાવિત થયા હતા. ૧૨.૩૦ મિનિટ સુધીમાં, ૧૮૦૦ થી વધુ વપરાશકર્તાઓએ ગૂગલ પે, ફોન પે, પેટીએમ, એસબીઆઈની ડિજિટલ ટ્રાન્ઝેક્શન સેવાઓ બંધ થવાની ફરિયાદ કરી હતી.

# ધોરાજીના લાગણી ધાર ખોડિયાર મંદિરે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી

ધોરાજી,તા.૧૨


તસ્વીર : નયન કુહાડીયા

ધોરાજી નજીક ભાદર ૨ ડેમ પાસે આવેલા ૨૦૦ વર્ષ જૂના લાગણી ધાર ખોડિયાર માતાજીના મંદિરે તારીખ ૧૩ થી ૧૬ એપ્રિલ દરમિયાન ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગુરુદેવ મહંત દિગંબર લાલુગીરીજી મહારાજના શિષ્ય વિશ્વામિત્ર ગિરીજી મહારાજના માર્ગદર્શન હેઠળ આ મહોત્સવ યોજાશે. આજે, હનુમાન જયંજીથી જ લાગણી ધાર અને આસપાસના આઠ ગામો - લાગણી ધાર, અડવાર, સુપેડી, ઝાંઝમેર, સનાળા, ધોરાજી અને રામપરામાં મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે શોભાયાત્રા નીકળશે. મહોત્સવ દરમિયાન સમસ્ત ગ્રામજનો માટે ધુવાડાબંધ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, મહોત્સવમાં ગિરનાર મંડળ અને ગોંડલ મંડળના સંતો-મહંતો પણ ઉપસ્થિત રહેશે, જ્યારે જામકંડોરણાના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જયેશભાઈ રાદડિયા મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. તારીખ ૧૪મીની રાત્રે સેવંત્રા ગામના પોલાભાઈ આહીરનો કાનગોપીનો કાર્યક્રમ પણ યોજાશે. તારીખ ૧૫મી એ ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે, જેમાં ખોડિયાર માતાજી, ગણપતિદાદા અને હનુમાનજી મહારાજની મૂર્તિઓની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવશે.

# ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે સી.આર.પાટીલની હાજરીમાં બેઠક

અમદાવાદ,તા.૧૨



ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે એક મહત્ત્વની બેઠક મળી રહી છે. આ બેઠકમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ તથા અનુસૂચિત જાતિ મોરચાના લાલસિંહ આર્યા સામેલ થયા હતા. તેમની સાથે સાથે તમામ ધારાસભ્યો, સાંસદો સહિત કેટલાક જિલ્લા અને તાલુકાના પ્રમુખોને પણ બોલાવવામાં આવ્યા હતા. ભાજપના રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ લાલસિંહ આર્યએ પ્રેસ-કોન્ફરન્સ કરી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી ૧૪ એપ્રિલના રોજ જ્યાં પણ દેશમાં બાબાસાહેબ આંબેડકરની મૂર્તિ છે ત્યાં માલ્યાર્પણ કરશે. બાબાસાહેબ આંબેડકરની મૂર્તિ પાસે બંધારણનું જે આમુખ છે એનું પઠન કરાશે. આ ઉપરાંત ૧૪થી ૨૪ એપ્રિલ દરમિયાન દેશના દરેક જિલ્લામાં બંધારણ અને આંબેડકરની કેટલીક વાતોને લઈને દરેક જિલ્લાએ પ્રવચનો યોજવામાં આવશે, જેમાં કોઈપણ બે પ્રવક્તા ભાજપની વાત બાબાસાહેબ આંબેડકરને લઈને, બંધારણને લઈને લોકો સમક્ષ લઈ જશે અને લોકો સમક્ષ કેટલીક વાત મૂકવામાં આવશે.

# અમરેલી સહિત રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

**દરિયાકાંઠે ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે**



ગાંધીનગર,તા.૧૨

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૧૮ એપ્રિલ સુધી રાજ્યના હવામાનમાં કોઈ ખાસ ફેરફારની શક્યતા નથી. આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગો જેમ કે અમરેલી, ભાવનગર, બોટાદ, તે બાદ અમદાવાદ, આણંદ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. ૧૫ એપ્રિલે કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં હીટવેવને લઈને ઓરેન્જ એલર્ટ તથા દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે. હવામાન વિભાગ દ્વારા આગામી ૧૮ એપ્રિલ સુધી રાજ્યમાં હવામાનની આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી ત્રણ દિવસ સુધી હવામાનમાં કોઈ ખાસ ફેરફાર નથી. પરંતુ આજે રાજ્યમાં અમુક જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવેલ છે. આગામી અઠવાડિયામાં પણ રાજ્યના મહત્તમ તાપમાનમાં ૦૨ ડિગ્રી સેલ્સિયસ જેટલો વધારો થવાની શકયતા છે.

# કેશોદના પાણખાણ ગામે શેઢા બાબતે બે પાડોશીઓ વચ્ચે ઝઘડો, વૃધ્ધનું મોત



કેશોદ,તા.૧૨

કેશોદ તાલુકાના પાણખાણ ગામે ખેતરના શેઢા બાબતે બે પાડોશીઓ વચ્ચે ઝઘડો થયો હતો. જે ઝઘડાએ ઘાતક સ્વરૂપ ધારણ કર્યું હતું. એક જ જાતિના બે પરિવારો વચ્ચેની આ તકરાર મારામારીમાં ફેરવાઈ હતી. જેમાં એક વૃદ્ધ ખેડૂતનું મોત નિપજ્યું છે. જ્યારે પાંચ લોકોને ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ માથાકૂટમાં ગાંગડા પરિવારના ૬૫ વર્ષીય પીઠરામ રાયમલ ગાંગણા નામના વૃદ્ધનું મોત થયું છે. આ ઘટના બાદ તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે કેશોદની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી બે લોકોને ગંભીર હાલતમાં વધુ સારવાર માટે જૂનાગઢ રિફર કરવામાં આવ્યા છે. ઘટનાની માહિતી મળતાં જ કેશોદ ડીવાયએસપી બી.સી. ઠક્કર પોતાની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમના જણાવ્યાં અનુસાર, શેઢાને લઈને જૂનો વિવાદ હતો, જેના પગલે આજે બંને પરિવારો વચ્ચે ઉગ્ર વાદવિવાદ થયો હતો. જે બાદ ઝઘડો મારામારીમાં ફેરવાઈ ગયો હતો.

# ગાંધીનગરમાં આગ ઠારવા ગયેલા ૪ કર્મીઓ ગંભીર રીતે દાઝ્યા



ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગરના સેક્ટર - ૪ ખાતેના ગાર્ડન નજીકના સુલભ શૌચાલય પાસેના ઝૂંપડામાં મોડી રાતે આગ લાગી હતી. ફાયરબ્રિગેડને આ અંગેનો કોલ મળતાં તેની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આગ ઓલવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ આ દરમિયાન એકાએક ઝૂંપડામાં રહેલ ગેસ-સિલિન્ડરમાં ધડાકાભેર બ્લાસ્ટ થયો હતો, જેના પરિણામે ચાર ફાયર કર્મચારી ગંભીર રીતે દાઝી ગયા હતા. બ્લાસ્ટ થતાં દોડધામ મચી હતી.

# રાજ્યમાં ૪૭૨ બિન હથિયાર ધારી પીએસઆઈની આજે પરીક્ષા લેવાશે



અમદાવાદ,તા.૧૨

ગુજરાત પોલીસ ભરતી માટે જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૫માં લેવામાં આવેલી શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારો પૈકી, બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેકટરની ૪૭૨ જગ્યા માટે કુલ ૧,૦૨,૯૩૫ ઉમેદવારોની લેખિત પરીક્ષા આજે (૧૩ એપ્રિલ) અમદાવાદ, વડોદરા અને સુરતની કુલ ૩૪૦ સ્કૂલમાં યોજવામાં આવશે. જે માટેના કોલ લેટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા ૧૩ એપ્રિલ સુધી ચાલુ રહેશે. એક લાખ જેટલા ઉમેદવારોએ પોતાના કોલ લેટર ડાઉનલોડ કર્યા છે. આ પરીક્ષામાં ૩-૩ કલાકના બે પેપર હશે. આ પરીક્ષા પારદર્શક રીતે કોઈપણ ગેરરીતિ વગર યોજાય તે માટે ૮૦૦૦થી વધુ પોલીસ અને શિક્ષણ વિભાગના અધિકારી-કર્મચારીઓ પરીક્ષાલક્ષી કામગીરી કરશે. દરેક પરીક્ષા કેન્દ્ર ઉપર એક PI/PSIની ભરતી બોર્ડના પ્રતિનિધી તરીકે નિમણૂક આપવામાં આવી છે.

# સુરતમાં હીરા કારખાનામાં ઝેરી પડીકી નાખનાર મેનેજરનો ભાણેજ નીકળ્યો

સુરત,તા.૧૨

સુરતના કાપોદ્રા વિસ્તારમાં આવેલ અનભ ડાયમંડના પાણીના કુલરમાં સેલ્ફોસ નાખી ૧૧૮ જેટલા રત્નકલાકારોના જીવ જોખમમાં મૂકનારા આરોપી સુધી પહોંચવામાં પોલીસને સફળતા મળી છે. આરોપીની પૂછપરછમાં પોલીસને ચોંકાવનારી માહિતી મળી છે. આરોપી નિકુંજ દેવમુરારીએ સેલ્ફોસની ખરીદી કરતા પહેલા ગુગલમાં સર્ચ કર્યું હોવાનું ખૂલ્યું છે. વોટર કુલર નજીક કોઈ સીસીટીવી ન હોવાથી ગુનાનો ભેદ ઉકેલવો પોલીસ માટે પડકાર સમાન હતું. પરંતુ, પોલીસે બે અલગ અલગ ટીમો બનાવી હતી. જેમાં એક ટીમે પેકેટના બેચ નંબરના આધારે તપાસ શરૂ કરી હતી. જ્યારે બીજી ટીમે સેલ્ફોસનું પેકેટ ખરીદી તે કઈ રીતે કામ કરે છે તેનો પ્રયોગ કરી સ્થિતિ જાણી હતી. પોલીસ જ્યારે બેચ નંબરના આધારે રિટેલર સુધી પહોંચી તો ત્યાંના સીસીટીવીમાં નિકુંજ કેદ થયો હતો. ત્યારબાદ નિકુંજની પૂછપરછ કરતા સમગ્ર મામલાનો પર્દાફાશ થયો હતો.

# ઓરિસ્સાથી સુરત ગાંજો વેચવા આવેલા બે શખ્સો ઝડપાયા, ૧૮ કિલોથી વધુ ગાંજાનો જથ્થો જપ્ત




સુરત,તા.૧૨

ગુજરાતમાં અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતા હોય છે. ત્યારે ફરી એકવાર સુરતમાંથી ગાંજાનો જથ્થો ઝડપાયો છે. સુરતમાંથી ૧.૮૧ લાખની કિંમતનો ૧૮ કિલોથી વધુ ગાંજાનો જથ્થો ઝડપાયો છે. ઓરિસ્સાના ગંજામ જિલ્લાના ૨ શખ્સો ઝડપાયા હતા. બિકાસ અને ચન્દ્રમણી નામના શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. પ્લાસ્ટિકના કોથળામાં ગાંજો લઈને જતા હતા ત્યારે પોલીસે ઝડપી પાડ્યા હતા. કડોદરા ચોકડીથી નિયોલ ચેકપોસ્ટ તરફ આવતા ઝડપાયા હતા.

ઉલ્લેખનીય છે કે સુરત પોલીસે બાતમીના આધારે ૧.૮૧ લાખની કિંમતના ગાંજાનો જથ્થો ઝડપ્યો છે. ઓરિસ્સાના ગંજામ જિલ્લામાંથી ૨ શખ્સો પ્લાસ્ટિકના કોથળામાં ગાંજો લઈને સુરત આવતા હોવાનું સામે આવ્યું હતું. કડોદરા ચોકડીથી નિયોલ ચેકપોસ્ટ તરફ આવતા ઝડપાયા હતા.

આ અગાઉ સુરતમાં જહાંગીરપુરા પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન કારમાંથી દારૂ ઝડપ્યો છે. લાખોની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીની અટકાયત કરી હતી. દારૂની બોટલો સહિત ૧ લાખ ૨૯ હજારનો મુદામાલ જપ્ત કરાયો હતો.

# સાળંગપુરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું, હનુમાનજી ૮ કિલો સોનાના વાઘામાં સજ્જ



અમદાવાદ,તા.૧૨

અમદાવાદ સહિત ગુજરાતભરમાં હનુમાન જયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદમાં કેમ્પના હનુમાન મંદિરમાં વહેલી સવારથી જ ભકતોની ભીડ ઉમટી પડી હતી અને હનુમાનની પૂજા અર્ચના કરવામાં આવી હતી. અહીં ધાર્મિક અનુષ્ઠાન કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત હનુમાન જયંતી પ્રસંગે શહેરમાં અન્ય વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ હનુમાન ચાલીસાના પાઠ કરીને હનુમાનજીની જન્મ જયંતીની ઉજવણી કરી હતી. બહોળી સંખ્યામાં ભક્તોએ મંદિરે આવી પોતાના પરિવારમાં સુખ શાંતિ બની રહે અને તમામ દુઃખ અને સંકટ દૂર થાય તેવી પ્રાર્થના પણ કરી હતી. પ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરમાં શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરે હનુમાન જયંતી નિમિત્તે ભવ્ય આયોજન કરાયું હતું વહેલી સવારથી જ ભાવિકોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. આ ખાસ દિવસે શ્રી કષ્ટભંજન દેવને ૮ કિલો સોનામાંથી બનેલા વાઘા પહેરાવવામાં આવ્યા હતા. અનોખો અને અદ્ભુત શણગાર જોઈને ભાવિક ભક્તોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.
















